

Rs.5/-

Shree Swaminarayan (Gujarati Monthaly)

# શ્રી સ્વામિનારાયણ

માસિક

પ્રકાશન દર માસની ૧૧ તારીખે ● સળંગ અંક ૨૦૪ ● જુલાઈ૨૦૨૪

Volume no. 18, Issue No. 204 July 2024



પ્રકાશકઃ શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર,અમદાવાદ-૧

Publisher: Shree Swaminarayan Temple, Ahmedabad- 380001




શ્રી નરનારાયણદેવ સમક્ષ પ.પૂ. લાલજી મહારાજશ્રીના લગ્નની કંકોત્રી લખતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ.મોટા મહારાજશ્રી



શ્રી નરનારાયણદેવ સમક્ષ આમ્રોત્સવના દર્શન



શ્રી નરનારાયણદેવ સમક્ષ ખારેકના અન્નકૂટની આરતી ઉતારતા પ.પૂ. મોટા મહારાજશ્રી



કાલુપુર મંદિમાં સંત મહા દીક્ષા આપતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી



કાલુપુર મંદિમાં દર પૂનમે થતી સત્સંગ સભામાં દર્શન આપતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી




સંસ્થાપક

પ.પૂ.મોટા મહારાજશ્રી

શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

ફોન : ૨૭૪૮૯૫૯૭,૨૭૪૯૯૫૯૭

www.swaminarayanmuseum.in

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮

શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

તંત્રી શ્રી

શાસ્ત્રી સ્વામી પુરૂષોતમપ્રકાશદાસજી (મહંત સ્વામી)

Mo. : 9313719232

પત્રવ્યવહાર

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય

શ્રી સ્વામિનારાયણ મંદિર,

કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

Mo. : 9313706095

magazine@swaminarayan.in

www.swaminarayan.in

એડ્રેસમાં ફેરફાર કરવા

E-mail : magazine@swaminarayan.in

લવાજમ

વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦


# શ્રી સ્વામિનારાયણ

## શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર





વર્ષ - ૧૭ (મૂળ વર્ષ ૫૭) ● સળંગ અંક : ૨૦૪ ● જુલાઈ-૨૦૨૪


## અ નુ ક્ર મ ણિ કા


૦૧. અસ્મદીયમ્ ૦૪

૦૨. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ ૦૫

૦૩. શ્રીહરિએ કહેલું સરળ ધ્યાન ૦૬

૦૪. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના મુખેથી આશીર્વચન ૦૮

૦૫. આપણા હરિ મંદિરો તથા પ્રસાદીના સ્થાનો (સાદરા-વાસણા દેશ) ૧૩

૦૬. શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી ૧૪

૦૭. ભક્તિસુધા ૧૫

૦૮. સત્સંગ સમાચાર ૧૯

# અસ્મદીયમ્

વ્હાલા હરિભક્તો,

દર પૂનમે શ્રી નરનારાયણદેવના દિવ્ય સભામંડપમાં સવારે ૮ થી ૧૦ (શણગાર આરતીથી રાજભોગ આરતી સુધી) દિવ્ય સભાનું આયોજન થાય છે. ઘણા પરમ જિજ્ઞાસુ હરિભક્તો લાભ લઈ ભગવાનના દિવ્ય ચરિત્રોનું જ્ઞાન જ્ઞાતા સંતો પાસેથી મેળવે છે.

આ વખતે તો પૂ. મહારાજશ્રીએ વારા ફરતી દરેક ગામ દીઠ સાગમટે સત્સંગ સભાનો લાભ લેવા માટે આવવાનું આમંત્રણ આપ્યું. અહીં દરેક હરિભક્તો માટે ભોજનની વ્યવસ્થા થઈ રહેશે.

આવતી પૂનમ આપણા ગુરુ પૂજનની ગુરુ પૂર્ણિમા તા. ૨૧ મી જુલાઈ-૨૦૨૪ રવિવારે આવે છે. એટલે સહુને આવવાની અનુકૂળતા રહેશે.

સંસારમાં રહેવાનું, પણ સંસાર તમારામાં દાખલ ન થાય તે જોવાનું. પાણીમાં નૌકા હોય એ બરાબર છે, પણ નૌકામાં પાણી ભરાવા દેતા નહિ, પછી એ ડૂબવા માંડશે. ગુરૂ સાથે આપણું સંધાણ રહે તો નૌકાને ડૂબવા નહી દે. આપણા તાર શ્રીનરનારાયણદેવ સાથે જોડાયેલા રાખશે.

આપણે ભગવાનના થવાનું છે. દેવના થવાનું છે, એના માટેની યોગ્યતા કેળવવાની છે. ભગવાન આપણી પસંદગી કરે તેની પૂરે પૂરી યોગ્યતા પ્રાપ્ત કરવી પડે. યોગ્યતા પ્રાપ્ત કરવા શું કરવું ? મનની બધી આંટી ઘૂંટીઓ છોડી સરળ બનવું પડે. મહારાજની એકે એક આજ્ઞા પાળવી પડે. મહારાજે કહ્યું છે કે જ્યાં સુધી હું અને મારાપણું દેહભાવ નહીં છૂટે તો ભગવાન છેટા રહેશે એ વાત નક્કી છે. આપણા વ્યવહારનો કચરો અંદરના જગતમાં રાખવાનો નથી. જ્યાં સુધી લોભ, મોહ, ક્રોધ, કામ, જેવા દોષો આપણામાં હશે ત્યાં સુધી ભગવદ્ ભક્તિમાં સુખ આવશે નહિ.

એમાં પણ મહારાજે તો લોભને માટે ‘‘મારા આશ્રિતો લોભરૂપ આસક્તિ ન જ રાખે.’’ એવું કહ્યું છે.

એજ જયશ્રી સ્વામિનારાયણ.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
**શાસ્ત્રી પુરૂષોતમપ્રકાશદાસના**
**જયશ્રી સ્વામિનારાયણ**



## પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ (જૂન-૨૦૨૪)



૧ એટલાન્ટા (અમેરિકા) શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૨ રાલે (અમેરિકા) શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૭ શ્રી સ્વામિનારાયણ મંદિર લેકલેન્ડ (અમેરિકા) પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૮ શ્રી સ્વામિનારાયણ મંદિર જેકશન વિલે (અમેરિકા) પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૯ શ્રી સ્વામિનારાયણ મંદિર એલનટાઉન (અમેરિકા) પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૧૩ શ્રી નરનારાયણદેવ સમક્ષ પ.પૂ. લાલજી મહારાજશ્રીની લગ્નોત્સવ પત્રિકા લખવાનું મુહૂર્ત કર્યું.
૧૬ શ્રી સ્વામિનારાયણ મંદિર જીવરાજપાર્ક પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૧૮ એકાદશીના રોજ કાલુપુર મંદિર દર્શનાર્થે પધરામણી.
૨૧ શ્રી નરનારાયણાદિ દેવોને કેસરસ્નાન પોતાના વરદ્ હસ્તે વિધિવત રીતે સંપન્ન થયું. સંત મહાદીક્ષા વિધિ પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ
૨૨ પૂનમની સત્સંગ સભામાં શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર પધાર્યા અને સભામાં રૂડા આશીર્વાદ પાઠવ્યા.



## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ (જૂન-૨૦૨૪)

૨૫ મે થી ૧૨ જૂન અમેરિકા ધર્મપ્રવાસ - શ્રીસ્વામિનારાયણ મંદિર પારસીપની (અમેરિકા) પાટોત્સવ પ્રસંગે પધરામણી. ડલાસ (અમેરિકા) સત્સંગ સભા પ્રસંગે પધરામણી. ન્યુયોર્ક અને જેકસનવિલે (અમેરિકા) શ્રી સ્વામિનારાયણ મંદિર સત્સંગ સભા પ્રસંગે પધરામણી. શ્રીસ્વામિનારાયણ મંદિર કોલોનીયા (અમેરિકા) શ્રી જનમંગલ યજ્ઞ પ્રસંગે અને ઠાકોરજીને આમ્રોત્સવ પ્રસંગે પધરામણી. કોલોનીયામાં સત્સંગ સભા પ્રસંગે પધરામણીઓ.

૨૧ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર શ્રી નરનારાયણાદિ દેવોને કેસર સ્નાન પોતાના વરદ્ હસ્તે વિધિવત રીતે સંપન્ન થયું.



# શ્રીહરિએ કહેલું સરળ ધ્યાન

- સાધુ પુરૂષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

આજના સમયમાં માણસો જીવનથી ત્રસ્ત થાય, વિચારોના વાવાઝોડામાંથી બહાર નીકળવા ધ્યાનની શિબિરો, ધ્યાન કેન્દ્રો, ધ્યાનિ, જ્ઞાની, યોગીઓના શરણે જાય અને તેઓની પાસેથી ધ્યાન શીખવાની કળા, શીખતા હોય છે. શિબિરાર્થીને એવું લાગે છે કે મને ધ્યાન કરતાં આવડતું નથી અથવા ધ્યાન લાગતું નથી એટલે શિબિરોમાં રહીશું તો ધ્યાન કરતાં આવડી જશે. આવી પરિસ્થિતિઓમાં માણસો અસંખ્ય સોશીયલ મિડીયામાંથી માહિતી મેળવીને ક્યાંક ફ્રી તો ક્યાંક લાખોની ચૂકવણી કરીને કેન્દ્રોમાં મહિના મહિનાઓ સુધી રહીને તાલીમ લેતા હોય છે. ત્યાંના વાતાવરણ પ્રમાણે કેટલાક રહેવા જમવાનો સંયમો રાખ્યા હોય એટલે તેના કારણે મન ઉપર થોડી ઘણી કહેવા પુરતી અસર બની જાય છે. પરંતુ જેવો તે વાતાવરણમાંથી બહાર નીકળે ઘરે આવે એટલે જો અભ્યાસ છોડી દે એટલે જેવું પહેલાં મન હતું તેવું જ બની જાય છે. ધ્યાન માટે શિબિરોમાં જવું પડે. વળી હજારો લાખોનો ખર્ચો પણ કરવાનો થાય. વળી કેટલીક જગ્યાએ તો ધ્યાનના બહાને પોતાનો સંપ્રદાય, પોતાના ગુરુઓને કારણ વગર વળગીને રહેવુ પડે. આપણી પરંપરા, આપણી ઉપાસના, આપણા ગુરુ મંત્રમાં વળી બાધા આવે. જે ધ્યાનના બદલે ઉપાસના ખંડિત થાય એવા ઘણા પ્રશ્નો ઉપસ્થિત થતા હોય છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના ત્યાગી ગૃહિ આશ્રિતોને અર્થે સહજ ધ્યાનની રીત સમજાવી છે. જે ક્યાંય જવું ન પડે. કાંઈ શીખવું ન પડે. સહેજ સહેજે સરળ ધ્યાન થાય એવો ઉપાય શીખવાડ્યો છે. તેની વાત કહું છું તે સાંભળો.

ભક્તિ શાસ્ત્ર સત્સંગિભૂષણના દ્વિતીય અંશમાં અધ્યાય-૨૭ માં એ વાત સદ્‌ગુરુ બ્રહ્મચારી વાસુદેવાનંદ વર્ણી લખે છે કે, એકવાર શ્રીહરિ સહજાનંદ સ્વામીને અતિ વહાલું જેતલપુર તીર્થધામમાં દેવ સરોવરના કિનારે આવેલ ફુલવાડીમાં બોરસલીની છાયા તળે પાંચસો પરમહંસો સહિત હજારો ભક્તોથી વિંટાયેલા સુંદર પાટ ઉપર ઢોલિયો બિછાવ્યો હતો તે ઉપર પૂર્વાભિમુખે સૂર્યોદયના સમયમાં પ્રેમાનંદ સ્વામી સરોદો લઈને મૂર્તિના વર્ણનના કીર્તન ગાઈ રહ્યા હતા. બ્રહ્માનંદ સ્વામી, દેવાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી આદિ પરમહંસો સાજ વગાડીને તાલ આપી રહ્યા હતા. શ્રીહરિ નેત્રકમળ બંધ રાખીને સાથળ ઉપર હાથ તાળી વડે તાલ આપી રહ્યા હતા. કીર્તન ભક્તિ પૂર્ણ થયા પછી શ્રીજી મહારાજ બે ભૂજા ઉપર કરીને બોલ્યા કે :-

હે સત્સંગીઓ અને મુનિજનો ! તમે જ્યારે મારું ભજન કરવા બેસો ત્યારે સૌ પ્રથમ તમારે સિદ્ધાસન વાળીને બેસવું. અને નાસિકાના અગ્ર ભાગ સામું દ્રષ્ટિ (વૃત્તિ) રાખવી. ત્યાર પછી ભજન કરનારા મનુષ્યે પોતાના દેહના જ્યાં પ્રાણ (શ્વાસ) વાયુની ગ્રન્થી છે ત્યાં દ્રષ્ટિ (વૃત્તિ) રાખવી. એટલે કે નાસિકાના અગ્રભાગ

નાસિકાના છેડા ઉપર મનની વૃત્તિ રાખવી. શુભ અશુભ સારા ખોટા કામના, વિના કામના, જરૂરી વગર, જરૂરી પૂર્વેના કે પછીના જે વિચારો સંકલ્પોને બંધ કરીને તે સ્થાનકેથી આવતો જતો ઉદ્‌ભવેલો શ્વાસ (પ્રાણ) શ્વાસોશ્વાસ જોવો. તે જતા આવતા ઠંડો-ગરમ શ્વાસ ને જોતા જોતા અને આત્મ સ્વરૂપનું ચિંતન કરતાં એવા તમારે આત્મામાં અમારી મૂર્તિ દેખાય ત્યારે તે મૂર્તિનું દર્શન કરવું. શ્વેત વસ્ત્ર ધારી, પૂષ્પહારોથી સુશોભિત કંઠવાળી, પ્રસન્ન મુખારવિંદવાળી પાઘમાં તોરા ખોસ્યા છે એવી મૂર્તિ, વળી જમણા નેત્રથી નીચેના ભાગમાં અને નાસિકાની પાસે એક તલ તથા ડાબા કાનમાં એક શ્યામ બિંદુ છે તેનું દર્શન કરવું. હે ભક્તો ! તે મૂર્તિ તમારા આત્માથી જુદી જુવો ત્યારે પણ તે મૂર્તિને માયિક મિથ્યા ન સમજવી પરંતુ તેને સદા સત્ય જ સમજવી. પ્રાણ તથા અપાનનું ઉદ્‌ગમ તથા તેને રહેવાનું સ્થાન તે પણ તમારે જોવું અને પ્રાણ અપાન (શ્વાસોશ્વાસ) તેમજ સ્થૂળ સુક્ષ્મ અને કારણ શરીરથી ભિન્ન અને દૃષ્ટા એવા જીવાત્મામાં જ તમારે વૃત્તિ રાખવી. અને તે દૃષ્ટા તેજ મારું સાચું સ્વરૂપ છે એમ તમારે માનવું. હે ત્યાગી અને ગૃહિ નરનારી જનો ! તમારે આ પ્રમાણે નિરંતર ચિંતન કરવું અને એમ કરવાથી તમને સર્વે ક્રિયામાં મારા દર્શન થશે. (અધ્યાય-૩૭)

જેતલપુર સભામાં શ્રીજી મહારાજ અતિ સરળ અતિ શ્રેષ્ઠ યોગીઓને કોટી જન્મે જે વાત સિદ્ધ થાય તે અતિ ઉપયોગી વાત ભગવાનની મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખવાની રીત સમજાવી દીધી. આપણા શાસ્ત્રોમાં અઢળક આધ્યાત્મિક ખજાનો ભર્યો છે. પણ તેમાં સમય કાઢીને જોવાનો પ્રયત્ન કરવામાં આવતો નથી. એટલે ધન તો આપણી પાસે જ છે પણ આપણે બહાર શોધીએ છીએ. કેવી સાવ અભણને પણ સરળતાથી સમજાય એવી રીત કહી. આપણે ૨૪ કલાકમાં ૨૧,૬૦૦ શ્વાસ લઈએ છીએ એ ક્રિયા તો સતત ચાલ્યા જ કરે છે. તેના પર આપણું ધ્યાન હોતું નથી અને તે ક્રિયા પ્રાકૃતિક રીતે દિનરાત થયા જ કરે છે. તો બસ એક આસને બેસી ને નાસિકા વડે લેવાતા અંદર જતા અને બહાર નીકળતા શ્વાસ જોવા. શ્વાસ અંદર લઈએ, ઠંડો લાગે, ગરમ લાગે તેનો માત્ર અનુભવ કરવો. સંકલ્પો થાય તેને ખોટા કરતા રહીએ. એવો રોજ પાંચ મિનિટ થી શરૂ કરીને અડધો કલાક પણ જો પ્રયત્ન કરવામાં આવે તો થોડા સમયમાં તે શ્વાસમાં જ આત્માની અંદર પરમાત્માની મૂર્તિના દર્શન થશે. એવો ઉપાય શ્રીજી મહારાજે કહ્યો. શ્વાસો શ્વાસ જોવાથી મનના બધા જ દોષો ટળી જશે મન શુદ્ધ પવિત્ર બની જશે. વિચારોનો વિરામ, વિચારોનું વિસર્જન થઈ જશે. મન નિર્દોષ બની જશે પછી સહેજે મૂર્તિમાં વૃતિ રહેશે. મનને શુદ્ધ કર્યા વગર કોટી ઉપાયો કરે તોય ભગવાનમાં મન લાગે નહિ. તે સત્ય સનાતન વાત છે. મુહૂર્ત જોયા વગર શ્રીહરિએ જે આજ્ઞા કરી છે તે મુજબ શરૂ કરી દઈએ. આ વાતનો વિસ્તાર શ્રીમદ્ સત્સંગિભૂષણ બીજા અંશના ૩૭ માં અધ્યાયમાં લખેલો છે.

**જેઠ સુદ-૧૫ (પૂનમ) સત્સંગ સભાના યજમાનશ્રી**

**પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદ સહ રાજીપાથી તથા અમદાવાદ મંદિરના પૂ. મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણા-માર્ગદર્શનથી જેઠ સુદ પૂનમ સત્સંગ સભા, ઠાકોરજીને થાળ, સંત-વર્ણી પાર્ષદો અને હરિભક્તોની રસોઈના યજમાન પ.ભ. અમૃતભાઈ મણીભાઈ પટેલ, અ.સૌ. સંગીતાબેન અમૃતભાઈ પટેલ, પ્રેયશ અમૃતભાઈ પટેલ, રાનુબેન અમૃતભાઈ પટેલ તથા પાવની પટેલ (ચાંદખેડા).**

**પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવને કેસર સ્નાનના યજમાનશ્રી**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદ સહ રાજીપાથી તથા અમદાવાદ મંદિરના પૂ. મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણા-માર્ગદર્શનથી શ્રી નરનારાયણદેવ આદિ દેવોના કેસર સ્નાન તા. ૨૧-૬-૨૦૨૪ ના યજમાન ઉનાવા ગામ મિત્ર મંડળના પટેલ મુકેશભાઈ લાલભાઈ, પટેલ પ્રકાશભાઈ લાલભાઈ, પટેલ મનીષભાઈ નટવરભાઈ, પટેલ દેવેન્દ્રભાઈ નારણભાઈ, પટેલ વિનુભાઈ અંબાલાલ અને પટેલ દક્ષેશભાઈ રમેશભાઈ આદિ પરિવાર.

## પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના મુખેથી

# આશીર્વચન



સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (બાપુનગર)

**દરબારગઢ મંદિર મોરબી સાર્ધ શતાબ્દી મહોત્સવ પ્રસંગે તા. ૨૦-૦૫-૨૦૨૪ :** હું બાપજી સાથે પ્રથમ આવ્યો ત્યારે આશીર્વાદ આપવાની શરૂઆત અહીંથી નહોતી કરી પણ શિક્ષાપત્રીનો શ્લોક બોલ્યો હતો જે આશીર્વાદ મહારાજે આપ્યા છે. મને ખ્યાલ નથી કે અમારી સાત પેઢીમાં કોઈએ આશીર્વાદ આપ્યા હોય. બાપજી હોય કે દેવેન્દ્રપ્રસાદજી દાદા હોય અમે બધાએ એવું કીધું છે કે, ''ભગવાન સારું કરે, અમે ભગવાનને પ્રાર્થના કરીશું.'' કેમ કે આશીર્વાદ આપીને અમે ખીસ્સા ફુલ કરતા નથી.

**આ દુનિયામાં જે છે એ ભગવાન છે. ભગવાન જ કેન્દ્ર બિન્દુ છે.** ભગવાને આચાર્યનું, સંતોનું, પાર્ષદોનું ને હરિભક્તોનું એમ દરેકનું એક સ્થાન નક્કી કર્યું છે. આપણે બધાએ એક બીજાની મર્યાદામાં અને પરસ્પર આદર સન્માન સાથે રહેવાનું છે.

**આપણે બધાએ કમર કસીને, ગાંઠ બાંધીને એટલું નક્કી કરી લેવાનું છે કે આપણે બધાએ ભગવાનને અર્થે કાર્ય કરવાનું છે, કરવાનું છે અને કરવાનું છે.** આટલો સમુદાય, ઉપરાંત શક્તિ અને એ ઉપરાંત ભગવાન પ્રત્યે શ્રદ્ધા અને વિશ્વાસ જ્યારે હોય તેમ છતાં ક્યાંક જો ઢીલું બોલાય, નમતું જોખાય તો વાંક આપણો કહેવાય. **સિદ્ધાંત, પરંપરા અને પ્રણાલિકા એની બાદબાકી ક્યાંય કરવાની નથી. જ્યાં કોમ્પ્રોમાઈઝ ન થાય, જતું ન કરાય એ વસ્તુ સિદ્ધાંત અને પરંપરા છે.** ભગવાને આપણને મહાસુખના આશીર્વાદ આપ્યા છે અને એવી રીતે ચાલીએ તો કરેલા કાર્યમાં ક્યાંય નિષ્ફળતા આવતી નથી, દુઃખ કે વેદના થતી નથી.

**આપણે સુખિયા છીએ એનું કારણ ભગવાન છે. આપણી બળ બુદ્ધિથી સુખિયા નથી. હકીકતમાં મને તો એક જ ઈન્દ્રિયનું જ્ઞાન છે અને એ છે ભગવાન. ભગવાન સિવાય મને તો કંઈ ખબર જ નથી પડતી. જ્યારથી ભગવાન ઓળખાયા ત્યારથી તેના માટે એક ભગવાન જ હોય તો સાચુ, બાકી એના માટે ગ્રહ નક્ષત્ર કંઈ નથી.** પ્લેન ઉડે છે આકાશમાં, એ ગ્રહ નક્ષત્ર જોઈને ઉડે છે ? પ્લેનની ટિકિટ તમે લીધી પછી ટાઈમ પ્રમાણે તમને બેસાડી દે છે ને પ્લેનમાં ! એ સમયે નિર્ણય ખોલીને આપણે કાછુડો વિંછુડો જોઈએ છીએ ? **ભગવાનનો આશરો હોય એને નીચેથી ઉઠીને કે ઉપરથી પડીને ક્યાંયથી કોઈ નડતું નથી. નડતું હોય તો આપણને આપણા સ્વભાવ નડે છે. મહારાજે પોતાના આશ્રિતો માટે બંધ કીધા બીજા બારણા, વહેતી કીધી અક્ષરવાટ.** મહારાજે આપણા માટે બીજા બધા બારણા બંધ કર્યા છે. ભગવાન ન મળ્યા હોત તો આપણી દશા શું હોત ? કેટલા દોરા ધાગા ને જાત જાતનું બાંધી ફરતા હોત, લોકો નથી પહેરતા હોતા ! કાળો દોરો, વાદળી દોરો, પીળો દોરો કેટલું પહેરે છે ! ૮-૧૦ નંગ પહેરશે ! ભઈ ! તું જ આખો નંગ છે ! હા ! શોખના પહેરતા હોય તો વસ્તુ જુદી છે. **આપણું સાચું આભૂષણ આ કંઠી છે. શરણાગતિની આ કંઠી પહેરીને આપણે છાતી કાઢીને ફરીએ છીએ. મારી મરજી વિના રે કોઈથી તરણું નવ તોડાય...... જેને ભગવાનના આશરાની ખુમારી ન હોય એને ભગવાનનો આશ્રિત જ ન કહેવાય. આપણા ભગવાનના ચરણોમાં બધા તીર્થો છે, ક્યાંય જવાની જરૂર નથી.**

**બન્ને ગાદીના અત્યાર સુધીના જેટલા પણ આચાર્ય થયા તેમાંથી કોઈ આચાર્યએ પોતાના ફોટા કોઈને પૂજવા આપ્યા નથી. ભગવાનના પ્રાધાન્ય પણાનો જ આ સત્સંગ છે. એ જ સમજવાની વસ્તુ છે.** આ સંતો પણ કોઈને પોતાની ઓળખાણ કરાવતા નથી. કોઈ પોતાના ફોટા આપે તો એને છોડી દેવા. મને પૂજાવાનો ડોડ હોય તો મને પણ આ ઘડીએ, અત્યારે જ છોડી દેવો. **આપણું લક્ષ, આપણું ધ્યેય એક ભગવાન છે. બીજું બધું રસ્તાનું સાધન છે.** કથા વાર્તા હોય કે કોઈને હાર પહેરાવીએ, **End of the day,** ભગવાન સુધી પહોંચવાના આ બધા સાધન છે, મહેનત છે. આ દુનિયામાં ભગવાનથી અધિક કંઈ નથી.

મંદિર તો મંદિર છે જ પણ આપણું ઘર અને આપણું હૃદય પણ મંદિર છે. એ જ વારસો અને એ જ વાતાવરણ આપણે પાછળ આવવાનું છે. **મહારાજે પણ કહ્યું છે, અમે ભગવાનના મુખ્યપણાની વાત વારેવારે લાવીએ છીએ (... અમે વારે વારે શ્રી નરનારાયણદેવનું મુખ્યપણું લાવીએ છીએ તેનું તો એજ હારદ છે... જેત.-૫)** દરેક શાસ્ત્રના આ વચનો છે. આપણે એક બીજાના સ્વભાવ સહન કરીને એક બીજા

પ્રત્યે લાગણી, સ્નેહ, આદર, સન્માન થકી રહેવાનું છે. મંદિરના મહંત બંને એટલે એવું નથી કે બહુ સારું થઈ ગયું. મહંતને પણ ગાળો ખાવી પડે ને અમારે પણ ગાળો ખાવી પડતી હોય છે.

RSS (રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ)માં મને બોલાવ્યો હતો. બોલવાનું કીધું એટલે બોલ્યો, મારામાંથી તેઓએ ગુણ લીધો કે આમનામાં કંઈ દંભ નથી. જે છે એ છે. મને ત્યાંનું જોઈને એવું લાગ્યું કે આપણે ક્યારેક કથા બંધ કરીને અનુસાશિત રીતે બધા ને સમજણ પાડી શકીએ એ માટે આપણે એરિયા વાઈઝ શિબિર કરવાની જરૂર છે.

ભગવાને આપણને શું આપ્યું છે એ સમજવામાં આપણું આખું જીવન નીકળી જાય એવું છે પણ આપણી પાસે સમય નથી. સમય બધો આ ડબલા (મોબાઈલ) ખાઈ ગયા છે. વાસ્તવિકતા એ છે કે કથા સાંભળ્યા પછી તેનું મનન, ચિંતવન અને નિદિધ્યાસ થાય તો કથા સાંભળી સાર્થક થાય.

**વાંકાનેર મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૨૦-૦૫-૨૦૨૪ :** આ ગામ પ્રેમાળ, લાગણીશીલ અને નિષ્ઠાવાળું છે. જે ઓરડામાં હું ઉતર્યો છું એ જ ઓરડામાં દેવેન્દ્રપ્રસાદજી દાદા ઉતર્યા હતા એવું સંતો પાસેથી જાણવા મળ્યું એના માટે મને હું ભાગ્યશાળી માનું છું. ઈતિહાસ તમે જાળવી રાખ્યો છે. આ ગામ ઐતિહાસિક છે. યુવા પેઢીને કદાચ ખ્યાલ ન હોય પણ આ ગામની સ્થાપના ૧૯૦૭ માં થઈ. મચ્છુની નહેરે વળાંક લીધો એટલે વાંકા ને નેર એમ વાંકાનેર નામ પાડ્યું. જ્યારથી આ ગામની સ્થાપના થઈ ત્યારથી આપણો સત્સંગ પણ આ ગામમાં સ્થપાયો છે એટલું જુનું મંદિર છે.

**પ્રણાલિકા, પરંપરા અને ધરોહર સાચવવી એ આપણી જવાબદારી છે.** અને એ બહુ અઘરું કામ છે. સરળ નથી. **ભગવાન સાચવવા, સિધ્ધાંત સાચવવો, પરંપરા સાચવવી એનાથી આપણે ઉજળા છીએ.**

વારસો શું આપવો એ પ્રશ્ન છે. દુકાન મકાન તો બધા આપે છે. પણ મને યાદ છે કે ઉત્તર ગુજરાતના ચૌધરીના ગામમાં અમે ગયા હતા. દીકરીઓનું સમૂહ લગ્ન હતું. મંદિર વતી બધી આપવાની વસ્તુ વાસણ કુસણ વગેરે મૂક્યું હતું. પણ તેની ઉપર ભગવાનની મૂર્તિ મૂકી હતી એ જોઈને મને થયું કે ભગવાન આપ્યા એટલે બધું સાર્થક થયું. **વારસામાં ભગવાન આપીએ એ સાચામાં સાચો વારસો ગણાય. કારણ કે બીજી કોઈ વસ્તુ કાયમ રહેતી નથી. ભગવાન કાયમ રહેવાના છે. એક ભગવાન પકડાઈ જાય તો બીજું કંઈ કરવાનું બાકી રહેતું નથી.**

જાણવા મળ્યું કે મંદિરે યુવાનો વધારે આવે છે એ ગર્વની વાત કહેવાય. પણ બિયારણ સારું હોય તો જ આ સારું ઉગ્યું હોય ને ! મા-બાપ તથા વડીલોએ સંસ્કાર તો આપ્યા જ હશે ને ત્યારે જ આ લીલોતરી હોય ને ! કૂવામાં હોય તો જ હવાડામાં આવે આવી કહેવત છે. નહી તો મોટા ભાગે એવું હોય છે કે વડીલો વધારે મંદિરે આવતા હોય અને યુવાનો ઓછા આવતા હોય. પણ વડીલોને ભલામણ છે કે ભાવિ પેઢીને હજુ પણ વિશેષ બળ મળે, વધારે પ્રોત્સાહિત કરવા માટે, મોટિવેટ કરવા માટે મંદિરે એક વાર તો અવશ્યપણે દેવ દર્શન કરવા જવું જ. સંધ્યાકાળે દેવ દર્શનની આજ્ઞા મહારાજે શિક્ષાપત્રીમાં કરી છે. એટલે દિવસમાં એક વાર તો મંદિરે દરેકે જવું જ. **મંદિરમાં બિરાજમાન ભગવાન આપણા સૌનો બાપ છે. એટલે આળસથી નહી પણ પ્રેમથી જવું.**

આ ગામનો સત્સંગ મેઈન્ટેનન્સ ફ્રી છે. આ વાસ્તવિકતા કહું છું. નહી તો મેઈન્ટેનન્સ રાખવું એ માથાનો દુઃખાવો હોય છે. સંતોને અને અમને ખ્યાલ હોય છે કે ઘણીવાર એક હાર પહેરાવવાનું રહી જાય તો પણ આખી જીંદગી ગાંઠ મારી ને રાખે એવા કેટલાય ભટકાતા હોય છે. પણ આ ગામ માટે સહેજ પણ કોઈ મેઈન્ટેનન્સ નથી એ મને ખ્યાલ છે. હું નાનો હતો ત્યારે જે પ્રેમ લાગણી જોઈ છે તે જ પ્રેમ લાગણી આજે પણ યથાવત જોઈ રહ્યો છું. કારણ કે તમે સૌ ભગવાન સાથે જોડાયેલા છો. એ બહુ મોટી વસ્તુ છે. નહી તો મેઈન્ટેનન્સ દરેકને મારી ખાય છે. સાયકલ હોય તો ચેનમાં તેલ ઉંજવું પડે, ટું વ્હીલર લાવો તો સર્વિસમાં નાખવુ પડે અને જાડી ગાડી હોય તો જાડી સર્વિસ કરાવવી પડે. ઘરમાં દીવા બતી લાવો એટલે દીવાના બીલ આવે. એટલે મેઈન્ટેનન્સ વિના કંઈ ચાલતું નથી. પણ આ ગામ પ્રત્યે મને ગર્વ છે કે બધા લાગણી શીલ છો. અને હૃદયથી જોડાયેલા છો.

**અમદાવાદ કાલુપુર મંદિર પૂનમ સત્સંગ સભા તા. ૨૩-૦૫-૨૦૨૪ :** રામનગર ગામ (યજમાન પરિવાર) સરસ છે. હરિભક્તો સરસ છે. અમે બહુ વાર ગયા છીએ. આજુ બાજુના બધા ગામ સરસ છે. નરનારાયણદેવ પ્રત્યેની નિષ્ઠાવાળા છે.

લાલજી મહારાજશ્રીએ સરસ અને સાચી વાત કરી કે **શૂરવીરપણું રાખવું. ભાજી પલાવની છાયામાં દબાઈ ન જવું. આ વચનામૃતના શબ્દો છે.** પણ એ શૂરવીરપણું આવે છે ક્યાંથી ? બાંયો ચઢાવીને તો નીકળવાનું નથી પણ એના માટે **જાણપણું રાખવું એ મૂળિયા છે .આપણે કોણ છીએ, કોના દીકરા છીએ, આપણને કોણ મળ્યું છે ? આપણી પરંપરા કોણ છે ? આપણા સિદ્ધાંત શું છે ?**

**મહારાજ કોણ છે ? નરનારાયણદેવ કોણ છે ? મહારાજ ઉંબરા ઉપર ઉભા રહીને આંગળી ચીંધીને બોલ્યા છે કે આમા ને અમારામાં રતિમાત્ર ભેદ નથી આ બધી શાસ્ત્રની જ વાત છે. આ શ્રી નરનારાયણને વિષે ને અમારે વિષે લગારે પણ ભેદ સમજવો નહી. (અમ.-૬)**

મહારાજે અહીંથી શરૂઆત કરી. પૂનમે દર્શન કરવા આવવાની આજ્ઞા કરેલી છે. પ્રારંભ આ મંદિરથી થયો. પછી બધું ચાલુ થઈ ગયું. દીકરા દીકરીઓ આપો, આ આપો, તે આપો પણ **અહીંયા ભગવાનના સુખ માટે આવવાનું છે.** મને કોઈકે કહેલું કે, મેં પૂનમ બાંધી છે. મેં કહ્યું, પૂનમ બંધાઈ કેવી રીતે ! નાડાછડીથી બાંધી છે? હાથ કડીથી બાંધી છે ? બાંધવું એતો અઘરું છે. આપણું મગજ જ બંધાતુ નથી ને ! અહીં સભામાં બેઠા બેઠા કોઈ રામનગર પહોંચી જાય, કોઈ સુરત, રાજકોટ, જીરાગઢ કે જામનગર કે કોઈ મોબાઈલમાં એમ ગમે ત્યાં પહોંચી જાય !

માણસ દુબળો ક્યારે પડે ? કોઈપણ પ્રકારે પોષણ ઓછું પડે તો. એમ આપણું મન ક્યારે દુબળું પડે ? આપણે કોણ છીએ, કોના છીએ એની જાણકારી ન હોય કે સંપ્રદાયની વાસ્તવિકતાની જાણકારીનું પોષણ ઓછું મળે તો મન દુબળું પડે. એટલે પછી કહે, હવે પહેલા જેવું નથી રહ્યું, હા ભઈ ! હવે પહેલા જેવું નથી રહ્યું, હુંય સ્વીકારું છું. પણ કેવી રીતે ? તો અત્યારે પહેલા કરતા પણ વધારે સારું થયુંછે. તમે વિચાર કરો. આજે રોજના ૩-૪ ગામડાઓ ફરીએ છીએ. તોય પૂરા થતા નથી, ગામડે ગામડે સત્સંગ છે. હમણા વિદેશ ભ્રમણમાં અઠવાડિયાની અંદર ચાર પાટોત્સવ છે.

આનંદ એ વાતનો છે કે **નરનારાયણદેવ દેશના સંતો અને હરિભક્તો દેવને વળગીને રહેનારા ખુમારી વાળા છે.** એટલા માટે જ અમને બળ મળે છે. ગમે તે કાર્યક્રમ હોય, અમને આવવાની ઈચ્છા થાય છે, ધગશ થાય છે. તમારા સૌના મુખારવિંદ જોઈને મુડ આવી જાય છે. એમ થાય કે ચાલો નીકળીએ, ઘર કરતા ગામ ભલું. જ્યાં જઈએ ત્યાં કોક ગામમાં ભગવાનના દર્શન થશે. હરિભક્તોના દર્શન થશે. બીજું આપણે કરવાનું પણ શું છે ? જ્યાં મોકો મળે ત્યાં સત્સંગનું થોડું કામ કરી લેવું. એવું નથી કહેતો કે આખો દિવસ માળા ફેરવો. **વસ્તુ એ છે કે કોના છીએ એનું જાણપણું થાય ને તો આમ છાતી ફાડીને ચલાય !** બનાવેલી છાતી હોય એ તો થોડા દિવસ જ ચાલે.

બીજું, સ્વામીએ કથામાં પંક્તિભેદની વાત કરી. આ પણ બહુ મોટી વસ્તુ છે પણ તકલીફ એ છે રોજનું જે કંઈ સાંભળીએ, દર્શન કરીએ, આરતી કરીએ એ બધું પછી સળંગ જાય છે. હમણા આરતી બોલ્યા, આ અવસર કરુણા નિધિ, કરુણા બહુ કીધી. આ એક જ પંક્તિનો મહિમા પૂરો કહી શકાય એમ નથી. ઋષિમુનિઓ નેતિ... નેતિ.... કહીને ઉંધા વળી ગયા. **નંદ સંતોએ છંદ, ગદ્ય, પદ્યમાં કેટલું લખ્યું છે. ભગવાનમાં શું ભાળ્યું હશે ત્યારે સહેજે સહેજે લખાઈ ગયું છે. લખવું નથી પડ્યું. કામ થઈ ગયું છે. કામ કરવું નથી પડ્યું. શૂરવીરપણાની કેવી વાતો લખાયેલી છે ! અદ્દભુતાનંદ સ્વામી પૂર્વાશ્રમમાં લગ્નના માંડવે મીંઢળ બાંધીને બેઠા હતા. મહારાજે કાગળમાં 'એ આદિક' લખ્યું એટલું વાંચી ને તો પત્રમાં પોતાનું નામ ન હોવા છતાં ત્યાગાશ્રમ સ્વીકારવા હેંડતા થઈ ગયા.** આપણે તો બે ફોન આવ્યા હોય તોય ઉભા ન થઈએ, કામ બહુ છે. એવો જવાબ આપી દઈએ. નંદ સંતો હોય કે હરિભક્તો હોય, કીર્તન ગાવા નથી પડ્યા, ગવાઈ ગયા છે. મહારાજે કોઈ ભાડૂતી માણસો નહોતા રાખ્યા. આજે તો ઘણી જગ્યાએ ભાડૂતી માણસો હોય છે હો ! વાજિંત્ર લઈને ટીન ટીન કરતા આવી જાય ને ગાવણું કરી જાય. દુનિયામાં કેવું ચાલે છે ! આપણે કેટલા ભાગ્યશાળી છીએ, બાકી દુિયામાંતો ખોવાઈ જવાય !

પંક્તિભેદ એટલે મહારાજે જમવાની પંક્તિભેદની વાત નથી કરી. પરંતુ મહારાજે સત્સંગમાં દરેક હરિભક્તોએ એક બીજા પ્રત્યે સમાન ભાવ રાખવો એ વાત કરી છે. **કોઈના પ્રત્યે નાનપ-મોટપ રાખવી નહી. (.... પણ દેહ દ્રષ્ટિ ન રાખવી જે હું મોટો છું ને ઉત્તમ છું. ને આ તો મોટો નથી ને નાનો છે એવી રીતે દેહ દ્રષ્ટિ ન કરવી.... અમ.-૮) દરેક સંત હરિભક્તમાં ગુણ બુદ્ધિ રાખવી.** સમાનતા એટલે બધા એક સરખા થઈ જાય કે બધાના સ્વભાવ સરખા હોય, એવું ન હોય, તો તો પછી મૂડ જ જતો રહે. સ્વભાવ તો જુદા રહેવાના જ પણ એક બીજા પ્રત્યે હેત લાગણી ગુણબુદ્ધિ રાખવી. પંક્તિમાં જમવા બેઠા હોઈએ તો રોટલી હોય તો બધાને રોટલી મળે, શાક હોય તો શાક મળે.

પંક્તિભેદ એટલે મનની પંક્તિભેદની વાત કરી છે. ઘરમાં મન ભેદ પડ્યો તો ઘરમાં દિવાલો થશે, સમાજમાં મન ભેદ પડ્યો તો સમાજમાં દિવાલો આવશે, તિરાડો પડશે. મહારાજે આ બધું કોના માટે કહ્યું છે? આપણા માટે કહ્યું છે. આપણે જેમ ટી.વી.માં આમ આમ ફેરવીને ટાઈમ પાસ કરીએ એમ મહારાજે ટાઈમ પાસ કરવા નથી કીધું. **ગુણ અવગુણ બધામાં હોય છે. પણ ક્યાંય અવગુણ જોયા વિના ભગવાનના ભક્તમાંથી ગુણ લેવાનો હોય છે.**

બીજો એક વિરોધાભાસી શબ્દ છે 'ખૂણિયો સત્સંગ' ખૂણિયો સત્સંગ કરવો નહી એ પણ એટલી જ

જરૂરી વસ્તુ છે. પંક્તિભેદની વાત કરી એમાં જમવાની જ પંક્તિની વાત કરીએ તો બધા એક પંક્તિમાં જમવા બેઠા હોય અને એમાં ત્રણજણા જુદા બેસીને જમવા બેસે તો કેવા લાગે ? એમ સભામાં બધા એક સાથે બેઠા હોય અને એમાં ત્રણ જણા જુદા રહીને શાંતિથી ગૂચપૂચ કરતા હોય એને ખૂણિયો સત્સંગ કહેવાય. એવું શું છે તે ખૂણે જવું પડે ? કોઈના ઓટલા પર બેસીને કોઈના ગોટલા તોડતા હોય એનું નામ ખૂણિયો સત્સંગ. હું જે કહું છું તે સભામાં નથી કહેતો ? જેને સાંભળવું હોય એ સાંભળે. કહું છું તો ભગવાનના વચન જ ને ! ભગવાનના વચનની બહાર બોલવું હોય અને વર્તવું હોય એને ખૂણો શોધવો પડે. બહુ ભારે શબ્દો છે, વિવેચન કરીએ તો સમય આપણો જતો રહે. પરંતુ વાસ્તવિકતા એ છે કે, **ખૂણિયા સત્સંગે દુનિયાના બધા સંપ્રદાયની ઘોર ખોદી છે.** આપણી વાત નથી કહેતો.

મહારાજ વખતે સત્સંગ ન હતો એવું નથી. **મહારાજે સત્સંગને જીવંત કર્યો છે, જાગ્રત કર્યો છે. ઓલવાઈ ગયું હતું એ પ્રગટાવ્યું છે. ક્ષીણ થઈ ગયું હતું, ક્ષેપક થઈ ગયું હતું એને ઉજાગર કર્યું છે. એ મૂળિયા ભૂલશો તો બધું ભૂલી જઈશું.**

ગામડાઓમાં અમે ફરીએ છીએ. આ રામનગરમાં જઈએ, શું લેવાનું હોય અમારે ? પણ એટલા માટે ફરીએ છીએ કે **એ ગામડા આપણી જીવનદોરી છે. ગામડામાં જવાથી લોહી વધી જાય છે મારું, આ સાચું કહું છું. : Seriously કહું છું.** દસ કલાક લાંબા થઈને પહોંચ્યા હોઈએ અને ત્યાં જઈને હરિભક્તો વચ્ચે થોડો સમય પણ પસાર થાય તો પણ હેત પ્રેમ ને લાગણી જોઈને બધુ સાર્થક જણાય છે. તમારા અને અમારા વડવાઓએ સત્સંગ રાખ્યો છે અને આપણને આપ્યો છે એટલે પગથિયા ચડાય છે, નહિ તો ન ચડાય. **દેવના આશીર્વાદ છે તો દેવના પ્રાંગણમાં બેસીને આપને બે ઘડી સત્સંગની વાત સાંભળવાનો મોકો મળે છે, નહી તો એય મળે નહીં.**

યજમાન પરિવારે લાભ લીધો, બીજા લેશે, બધા એકત્રિત થયા છો ત્યારે **હું તો અનુરોધ કરું છું કે સુખી થવું હોય એને પૂનમ બાંધવી કે પૂનમ ભરવી એના કરતા નરનારાયણદેવ પાસે આવવું. અડસઠ તીરથ ચરણે કોટિ ગયા કાશી.** ફરવું હોય કે રજળવું હોય તો ગમે ત્યાં જાય એની ના નથી પરંતુ **આ ચરણ મૂકશો તો બધુ પતી ગયું એમ માનજો. અમારો નિયમ છે, અમે ક્યાંય જતા નથી. બીજે પાટોત્સવ હોય કે એવા કોઈ પ્રસંગે નાનામાં નાના મંદિરે જઈએ પણ આ ચરણ મૂકીને બીજી જગ્યાએ માથું નમે નહી એટલી તો ખુમારી હોય ને ! એવી ગાંઠ વાળીને રાખી હોય તો દુઃખી ન થઈએ એટલું તો હું લખીને આપી દઉં. કારણ કે મહારાજના વચન છે. મારા નથી અને આ ઓટલા ઉપર ઉભા રહીને કહેલા વચનો છે.** એટલે એમાં તો આપણે કેટલા ભાગ્યશાળી છીએ કે આ દેવના દર્શનનો લાભ આપણને મળે છે.

**આ જ ભૂમિ ઉપર મહારાજ બિરાજમાન થતા, હાલતા હતા, ચાલતા હતા, રમતા હતા અને જમતા હતા અને એ જ ભૂમિ ઉપર બેસવાનો કે ઉભા રહેવાનો લાભ આપણને મળે છે. રમણ રેતીમાં આળોટવા કેટલે દૂર સુધી લોકો લાંબા થાય છે. આ રમણ રેતી જ છે. આ રમણ રેતીમાં મારે ને તમારે બધાએ આળોટવું જોઈએ.** પણ ખુલ્લું રહ્યું નથી. બધે કોન્ક્રીટ થઈ ગયું છે. આપણા મંદિરની વાત નથી કરતો, આખા અમદાવાદની, આખા ગામની વાત કરું છું. પાંચ ડિગ્રી સેલ્સિયસ તાપમાન તેનાથી વધી જાય છે. કોન્ક્રીટના જંગલનું કામ ચાલું જ છે બધે, ખબર નહી શું કરવાના છે ? આ તો બીજી વાત થઈ પણ **આપણો છેડો આ દેવ છે.**

**આપણી ભક્તિ, આપણી શ્રધ્ધા આના સિવાય ક્યાંય જાય તો જીવન શું કામનું ? આપણા વડવાઓએ જે બીજ વાવ્યા છે તે કામિયાબ થાય એટલી પાત્રતા આપણે રાખવાની છે. આ દેવ જેવા છે તેવા તો કોઈ ઓળખી શકતું નથી પણ પ્રયત્ન કરવાનો છે.** આ એક રસ્તો છે. મહારાજે કીધું છે, પૂર્ણકામ થવાતું નથી. પણ આપણા જીવનની આ એક ગતિ છે. જ્યાં ત્યાંથી ગુણબુદ્ધિ આવતી જાય અને આગળ વધાતું જાય.

**પૂનમે દેવનું દર્શન કરવા આવવું એટલી ગાંઠ મારી ને રાખવાની છે.** આજ એક જણનો ફોન આવ્યો. મેં પૂછ્યું, મંદિરે છો ? તો કહે, ના, બહુ ગરમી.... બહુ ગરમી... મેં કહ્યું, બપોરે બરાબર તપે એટલે સાંજે આનાથી વધારે તપે ત્યારે આવજો. બહાના જ કાઢવા હોય એને બીજું શું કહીએ આપણે ? ઉંધાને ઉંધું ભરાવવાનું. જેવો પ્રશ્ન એવો ઉત્તર આપી દેવાનો. મહારાજ એવું જ કરતા. અમારે થોડી અસર તો આવે ને !

તમે તો બધા પૂનમે આવો છો, ધન્યવાદ છે. આવતા રહેજો એટલું જ નહી પરંતુ મિત્રો અને સગા વહાલાઓને પણ લેતા આવજો. ભીડ કરવા નથી કહેતો. ભીડ તો સર્કસ, જાદુગર ને ગરબા એમ બધે હોય છે. આપણે ભીડ ભેગી કરીને કંઈ સર્કસ નથી કરવું પણ અહીં આવવાથી દેવની નજર પડે તો તે જીવનું અને પરિવારનું મંગળ થાય એજ કારણથી કહું છું, બીજું કોઈ કારણ નથી. બધા આરતી કરી, પ્રસાદ લઈને જજો. જય સ્વામિનારાયણ.

# હિંડોળા ઉત્સવ

## શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુરમાં

ધોધ, ઝરણા, પહાડ, તળાવ, ફુલ - ઝાડ જેવા કુદરતી કલ્પોનાં સાનિધ્યમાં વિવિધ પ્રકારના કલાત્મક હિંડોળા દર્શન.

## તા. ૨૩-૭-૨૦૨૪ થી તા.૨૧-૮-૨૦૨૪

| તિથિ | તારીખ | વાર | હિંડોળા | તિથિ | તારીખ | વાર | હિંડોળા |
|---|---|---|---|---|---|---|---|
| અષાઢ વદ-૨ | ૨૩-૭ | મંગળવાર | ફુલ | શ્રાવણ સુદ-૩ | ૦૭-૮ | બુધવાર | ગોલ્ડન |
| અષાઢ વદ-૩/૪ | ૨૪-૭ | બુધવાર | કલર સર્કલ | શ્રાવણ સુદ-૪ | ૦૮-૮ | ગુરુવાર | કાચ |
| અષાઢ વદ-૫ | ૨૫-૭ | ગુરુવાર | સફેદ મોતી | શ્રાવણ સુદ-૫ | ૦૯-૮ | શુક્રવાર | નંગ |
| અષાઢ વદ-૬ | ૨૬-૭ | શુક્રવાર | મીનાકારી | શ્રાવણ સુદ-૬ | ૧૦-૮ | શનિવાર | ફૂલ |
| અષાઢ વદ-૭ | ૨૭-૭ | શનિવાર | કચ્છી પેચ | શ્રાવણ સુદ-૭ | ૧૧-૮ | રવિવાર | ડાયમંડ પેચ |
| અષાઢ વદ-૮ | ૨૮-૭ | રવિવાર | શાકભાજી | શ્રાવણ સુદ-૭ | ૧૨-૮ | સોમવાર | મોતી |
| અષાઢ વદ-૯ | ૨૯-૭ | સોમવાર | કુન્દન | શ્રાવણ સુદ-૮ | ૧૩-૮ | મંગળવાર | વાસણ |
| અષાઢ વદ-૧૦ | ૩૦-૭ | મંગળવાર | ચોકલેટ | શ્રાવણ સુદ-૯ | ૧૪-૮ | બુધવાર | સૂકો મેવો |
| **એકાદશી** | | | | શ્રાવણ સુદ-૧૦ | ૧૫-૮ | ગુરુવાર | રાષ્ટ્રધ્વજ |
| અષાઢ વદ-૧૧ | ૩૧-૭ | બુધવાર | સૂકો મેવો | **એકાદશી** | | | |
| અષાઢ વદ-૧૨ | ૦૧-૮ | ગુરુવાર | રેશમ દોરી | શ્રાવણ સુદ-૧૧ | ૧૬-૮ | શુક્રવાર | પવિત્રા |
| અષાઢ વદ-૧૩ | ૦૨-૮ | શુક્રવાર | કોટન આર્ટ | શ્રાવણ સુદ-૧૨/૧૩ | ૧૭-૮ | શનિવાર | ફૂલ |
| અષાઢ વદ-૧૪ | ૦૩-૮ | શનિવાર | એકેલીક પીસ | શ્રાવણ સુદ-૧૪ | ૧૮-૮ | રવિવાર | ઝરી |
| **અમાસ** | | | | **પૂનમ-રક્ષાબંધન** | | | |
| અષાઢ વદ-૩૦ | ૦૪-૮ | રવિવાર | ડાયમંડ | શ્રાવણ સુદ-૧૫ | ૧૯-૮ | સોમવાર | રાખડી |
| શ્રાવણ સુદ-૧ | ૦૫-૮ | સોમવાર | ફ્રૂટ | શ્રાવણ વદ-૧ | ૨૦-૮ | મંગળવાર | ઝરદોશી પીસા |
| શ્રાવણ સુદ-૨ | ૦૬-૮ | મંગળવાર | ચોકલેટ | શ્રાવણ વદ-૨ | ૨૧-૮ | બુધવાર | વુડન આર્ટ |

# આપણા હરિ મંદિરો તથા પ્રસાદીના સ્થાનો (સાદરા-વાસણા દેશ)

- બિપીન પટેલ (ગાંધીનગર)

**સતતમ નિજ મૂર્તિ ચિતંકાનામઃ**
**અધિક શ્વેત મનોહર પ્રકાશે ।**
**રૂધિ દર્શિત રમ્ય દિવ્ય રૂપમ,**
**ભગવનતમ તહમઃ હરિમ નમામિ**
**ભગવનતમ તહમઃ હરિમ નમામિ ॥**

શ્રીહરિના પાવન ચરણોથી અંકિત ઉત્તર ગુજરાતના ''સાદરા-વાસણા દેશ''ની યાત્રા કરતા કરતા આપણે ગત અંકમાં ધરમપૂર-(ભૂંડીયા), દોલારાણા-વાસણા અને સાદરા ગામના મહાત્મ્યનો આસ્વાદ માણ્યો.

આવો આગળ વધતા હવે – મહાદેવપુરા છાલા, મહુન્દ્રા અને ઈસનપુર-(મોટા) ના મંદિરો – ભક્તોના દર્શન – મહાત્મ્યને જાણીએ.

ગાંધીનગરથી ચિલોડા થઈને હિંમતનગર હાઈવે પર આગળ વધતા આશરે ૨૯ કિ.મી.ના અંતરે મહાદેવપુરા ગામ આવે છે.

**(૧) મહાદેવપુરા (છાલા) :-** મહાદેવપુરા ગામમાં બદપુરા (ઈશ્વરપુરા) ગામથી ચૌધરી સમાજના પરિવારોએ આશરે ૮૦ વર્ષ પહેલા અહિં આવીને વસવાટ કરેલો છે. આજે લગભગ ૪૦ પરિવારો સ્થાયી થયેલા છે. ગામમાં ૪ થી ૫ પરિવારોમાં સત્સંગનું પોષણ ચૌધરી સમાજની બહેનો-માતાઓએ કર્યું હતું. અને તેમને હવે મંદિર કરવાની ખૂબજ ઈચ્છા હતી. તેથી તેઓએ શ્રી સ્વામિનારાયણ મંદિર, સે-૨ ના તે સમયના મહંત સ્વામી પ.પૂ. પુરુષોતમપ્રકાશદાસજી સ્વામીને મંદિર કરી આપવા વિંનતી કરી હતી. પૂ. પી.પી. સ્વામીએ ગામમાં જઈને સત્સંગ સભાઓ ચાલુ કરી અને સત્સંગમાં પરિવારો જોડાતા ગયા પછી એક હરિભકતે મંદિર કરવા પોતાનું ઘર, મંદિરને ભેટ આપ્યુ હતું. અને શ્રી સ્વામિનારાયણ મંદિર - કાલુપુરના નામે દસ્તાવેજ કરી આપ્યો હતો. આમ, આજથી ૩ વર્ષ પહેલા પૂ. પી.પી. સ્વામી તથા પૂ. રામકૃષ્ણદાસજી સ્વામી (કોટેશ્વર)એ ખૂબજ સુંદર મંદિર તૈયાર કરી અને શ્રી નરનારાયણદેવની પ્રતિષ્ઠા તા.૧૪/૧૧/૨૦૨૨ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે થઈ હતી. આજે તો ગામમાં સત્સંગ ખૂબજ ફૂલ્યો ફાલ્યો છે.

**(૨) મહુન્દ્રા :-** ગાંધીનગરથી ચિલોડા થઈ હિંમતનગર હાઈવે પર ૨૨ કી.મી.ના અંતરે મહુન્દ્રા ગામ આવે છે. આ ગામમાં કારતક વદ-૩ ના રોજ ઈ.સ. ૨૦૦૫ ની સાલમાં પૂ. હરિજીવન સ્વામી એ સુંદર મંદિર તૈયાર કરાવીને શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી નરનારાયણદેવ તથા શ્રી રાધાકૃષ્ણ દેવ આદિ દેવોની મૂર્તિ પ્રતિષ્ઠા પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે થઈ હતી. ગામમાં આશરે ૨૫ સત્સંગી પરિવારોનો વસવાટ છે. શ્રી સ્વામિનારાયણ મંદિર, મહુન્દ્રામાં ગાંધીનગર મંદિરના મહંત સ્વામી વ્રજભૂષણદાસજી નિયમિત કથા વાર્તા કરવા જાય છે અને સત્સંગનું પોષણ કરી રહ્યા છે.

**(૩) ઇસનપુર (મોટા) :-** ગાંધીનગરથી ચિલોડા થઈને દહેગામ-ગાંધીનગર રોડ ઉપર જતા ઈસનપુર ગામ આવેલ છે. ગામના પ્રવેશદ્વારે સુંદર વિશાળ આર.સી.સી.ના બે મોટા ગેટ બનાવેલા છે જે ગામની શોભામાં વધારો કરી રહ્યા છે. ગાંધીનગરથી લગભગ ૨૨ કી.મી.ના અંતરે આ ગામ વસેલું છે. આર્થિક રીતે સમૃધ્ધ ગામમાં મુખ્યત્વે પાટીદારોની વસ્તી છે. ગામમાં પ્રવેશ કરતાની સાથે સુંદર વિશાળ હોસ્પિટલ આવેલ છે. ગામમાં આશરે ૧૦૦ વર્ષ જુનું શ્રી સ્વામિનારાયણ મંદિર આવેલુ છે. મંદિરનો જીર્ણોધ્ધાર કરી પુનઃ મૂર્તિ પ્રતિષ્ઠા સંવત-૨૦૫૦ કારતક સુદ-૬ ના રોજ પ.પૂ. મોટા મહારાજ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે થઈ હતી. ગોપાળાનંદ સ્વામી ખુશાલ ભટ્ટ સ્વરૂપે હતા ત્યારે પોતાના ગામથી જેતલપુર જતા હતા તે દરમિયાન રસ્તામાં સલકી, નાંદોલ અને ઈસનપુર જેવા ગામોમાં થઈને પસાર થતા હતા. ત્યાં ઈસનપુરમાં મહાકાળી માતાજીના ઓટલા પર વિશ્રામ કરવા પણ રોકાયા હતા. ત્યારે ગ્રામજનોના આગ્રહથી મંદિરમાં મૂ.અ.મૂ. સદ્ગુરૂ ગોપાળાનંદ સ્વામીએ હનુમાનજી મહારાજ પધરાવેલા છે. આ હનુમાનજી મહારાજ ચમત્કારી છે. અને લોકોની મનોકામનાઓ પણ પુરી કરે છે. ગામના લોકો હનુમાનજી મહારાજમાં ખૂબ જ શ્રદ્ધા ધરાવે છે. મંદિરની બાજુમાં મહાકાળી માતાજીનું મંદિર આવેલું છે. શ્રી સ્વામિનારાયણ મંદિરના મુખ્ય સિંહાસનમાં ઘનશ્યામ મહારાજની પટમૂર્તિ પધરાવેલ છે. દર્શન કરીને ધન્યતાનો અનુભવ થાય છે. મંદિરના દરવાજામાં સુંદર ધાતુના પતરામાં શ્રી નરનારાયણ દેવ, શ્રી સ્વામિનારાયણ ભગવાન, શ્રી હનુમાનજી, શ્રી ગણપતિજી અને છડીદારની સુંદર નયનરમ્ય મૂર્તિઓ કંડારેલ છે.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ યજ્ઞની યાદી-જૂન-૨૦૨૪

| | |
|---|---|
| તા. ૦૨-૦૬-૨૦૨૪ | પ.ભ.અ.નિ. મોહનભાઈ ડાહ્યાભાઈ ચૌહાણ, અ.નિ. રળીયાતબેન મોહનભાઈ ચૌહાણ - હ. મહેન્દ્રભાઈ તથા કૃષ્ણકાંત - જામસર (હાલાર). |
| તા. ૧૬-૦૬-૨૦૨૪ | પ.ભ. પૂજાબેન સમીરકુમાર કનુગા - યુ.એસ.એ. |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ અભિષેકની યાદી

**મે-૨૦૨૪**

| | |
|---|---|
| તા. ૧૨-૦૫-૨૦૨૪ | પ.ભ.શ્રી તેજસ મહેન્દ્રભાઈ પટેલ - વડુ. |
| તા. ૨૪-૦૫-૨૦૨૪ | પ.ભ. મનીષા કરસન ભુવા - સુખપર-કચ્છ |

**જૂન-૨૦૨૪**

| | |
|---|---|
| તા. ૦૫-૦૬-૨૦૨૪ | પ.ભ.શ્રી નિકુલભાઈ ડાહ્યાભાઈ ચૌધરી - બાલવા. |
| તા. ૧૬-૦૬-૨૦૨૪ | પ.ભ.શ્રી નિકીકુમાર વિષ્ણુભાઈ પટેલ (ગુલાબપુરાવાળા) ચિ. કિસીવના જન્મ દિવસ નિમિત્તે. |
| તા. ૨૧-૦૬-૨૦૨૪ | પ.ભ.શ્રી ડૉ. ભક્તિ નિર્ભય ચંદારાણા - જન્મ દિવસ નિમિત્તે - કચ્છ - હા. બાવળા. |
| તા. ૨૨-૦૬-૨૦૨૪ | પ.ભ.શ્રી મુકેશભાઈ બળદેવદાસ પટેલ - ડાંગરવા. |
| તા. ૨૩-૦૬-૨૦૨૪ | પ.ભ.શ્રી કલ્પનાબેન બિપીનભાઈ ઠક્કર - થલતેજ. |
| તા. ૨૭-૦૬-૨૦૨૪ | પ.ભ.અ.નિ. સુમિત્રાબેન અરવિંદભાઈ રમણલાલ - હ. સોનલ, આશિષ, સ્વાતિ તથા દિપક ભાવસાર. |
| તા. ૨૮-૦૬-૨૦૨૪ | પ.ભ.શ્રી હિરાલાલ માણેકલાલ પાટડીયા - જુનાવાડજ. |

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.

મ્યુઝિયમ મોબાઈલ:- દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬

www.swaminarayanmuseum.in • email: swaminarayanmuseum@gmail.com

# ભક્તિસુધા

**પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી એકાદશી સત્સંગ-સભા પ્રસંગે (કાલુપુર મંદિર-હવેલી) "પ્રભાવિત નહિ થવાનું પ્રેરિત થવાનું"**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ - ઘોડાસર)

ધર્મ છોડીને ભક્તિ નહિ કરવાની, ધર્મનું પાલન ન કરો અને ભક્તિ કરો તો એ ભક્તિનું ફળ મળતું નથી. ધર્મ સાથે કરો તો જ ભક્તિ સફળ થાય છે. કેમ કે ? ભક્તિ ક્યાં ટકે છે ? જ્યાં ધર્મ હોય છે ત્યાંજ ભક્તિ રહે છે. અને ધર્મને ભક્તિ બન્ને હોય ત્યારે જ ઘનશ્યામ (ભગવાન) મળે છે. માટે વિશુદ્ધ ધર્મપાલન કરવાનો પ્રયત્ન કરવાનો. તો વિશુધ્ધ ધર્મ કોને કહેવાય ? કોઈપણ સ્વાર્થ અને કોઈપણ કામના વગર જે ધર્મનું પાલન કરવામાં આવે તેને વિશુદ્ધ ધર્મ કહેવામાં આવે છે. ફક્ત એક જ લક્ષ્ય હોવું જોઈએ. શું ? **તો ભગવાનના ચરણમાં મારી વૃત્તિ દૃઢ થાય અને ભગવદ્ચરણમાં પ્રીતિ વધે.** કોઈપણ કામના વગર નિષ્કામ થઈને ધર્મ પાલન અને ભક્તિ કરો, કેમ કે ? આપણા અંદર જ્યારે નાની-મોટી કામના હોય છે ત્યારે નાસ્તિક થવાની બીક રહે છે. કોઈપણ કામના હોય ને આપણા પ્રારબ્ધ કર્મને લીધે પુરી ના થાય તો પણ શ્રધ્ધા ઓછી થઈ જાય છે. તો ધર્મનું પાલન કોઈ પણ પ્રકારની અપેક્ષાથી નહિ પણ પોતાનું કર્તવ્ય સમજીને કરવાનું. **ભગવાનની આજ્ઞામાં રહેવું તે મારુ પરમ કર્તવ્ય છે. એવું માનીને કરવાનું. બસ ભગવાનની 'કૃપા' અને 'પ્રેમ' એ બે જ વસ્તુ જોઈએ એવું માનીને રહેવાનું** અને એક બીજી વસ્તુથી સાવધાન રહેવાનું. આપણી મોટી ભૂલ ક્યાં થઈ જાય છે ? તો જ્યારે આપણે બીજાનું જોઈને પ્રભાવિત થઈ જઈએ છીએ. અત્યારે મોટે ભાગે એવું જ થતું હોય છે. સોના, ચાંદીના દાગીના, વાઘા, સારી વ્યવસ્થા એ બધુ કરીને બીજાને પ્રભાવિત કરવામાં આવે છે. એનો અર્થ એવો નથી કે સોના ચાંદીના દાગીના ના કરાવો પણ એની પાછળનો હેતુ બીજાને પ્રભાવિત કરવાનો ના હોવો જોઈએ. માત્ર ને માત્ર ભગવાનને રાજી કરવાનો ભાવ હોવો જોઈએ. પણ થાય છે શું ? બીજને પ્રભાવિત કરવા માટે થાય છે. આ બધું જોઈને આપણે આકર્ષિત થઈ જઈએ છીએ કે કેવી સરસ વ્યવસ્થા છે, કેવા સરસ ઉતારા છે. જમવાનું સરસ છે. કેટલો સરસ બંદોબસ્ત છે. એવું થાય છે. અને એટલા બધા પ્રભાવિત થઈ જવાય છે કે **તમને તમારો પોતાનો અભાવ આવી જાય છે.** જો બીજાનું ઘર જોઈને આપણે પ્રભાવિત થઈ જઈએ તો આપણે પોતાનું ઘર છોડીને બીજાના ઘરમાં રહેવા જઈએ છીએ ? નથી જતા ને, તો આપણે અહિંયા એવું જ કરીએ છીએ. મોટું મંદિર હોય બધી વ્યવસ્થા સારી હોય એ બધું જોઈને બીજાના પ્રભાવમાં આવીને આકર્ષિત થઈ જઈએ છીએ. તો **આપણે ચેતતા રહેવાનું છે.** બીજાનો સરસ આલિશાન બંગલો હોય તો અંદર રહેલા માતા-પિતા એ તમારા થશે ? પોતાના માતા-પિતા છોડી દેશો ! મોટા બંગલાવાળા માતા-પિતા પાસે રહેવા જતા રહેશો ? એવું નહિ કરી શકો. એવું ના જ થાય. તો કહેવાનો અર્થ છે કે તમને મોટા-મોટા મંદિર, સારા ઉતારા, સારી વ્યવસ્થા બધું મળશે **પણ 'નરનારાયણદેવ' ક્યાંથી લાવશો ? એ નહિ મળે તો 'પ્રભાવિત નહિ થવાનું પ્રેરિત થવાનું.'** કોઈનું સારું જોઈને એને વંદન કરો, ભાવ કરો કે હું પણ પ્રયત્ન કરીશ, કે મારા મંદિરમાં આવું કરીશ. પણ **પોતાનું મુકીને બીજાનું નહિ અપનાવવાનું. કેમ કે ? 'આપણું કલ્યાણ નરનારાયણદેવના ચરણમાં જ છે.** બીજાનું જોઈને પોતાનો ધર્મ નહિ બદલી દેવાનો. કહેવાનો આશય એવો નથી કે સ્વામિનારાયણ ભગવાન સિવાય બીજા જે અવતારો છે એ કલ્યાણ નથી કરતા. **દરેક ધર્મના ઈષ્ટદેવ દરેકનું કલ્યાણ કરે જ છે.** બીજાનું જોઈને પૂજા સેવા વિધિ એ બધું નહિ બદલી દેવાનું. **જે પહેલાથી ચાલતું આવ્યું છે એ જ સાચી સેવા છે.** ઘણા મંદિરમાં તમે જુઓ તો જ્યુસથી અભિષેક કરે છે. તો તમને કોઈ જ્યુસથી સ્નાન કરાવે તો તમને કેવું લાગે ? **જે પહેલાથી ચાલે છે. દહીં, દૂધ, ઘી, મધ, સાકર એ બધું બરાબર છે.** બધાના જુદાં જુદાં ઈષ્ટદેવ હોય છે. એ બધું બરાબર છે. **પણ આપણે સ્થિરતા રાખવાની. આપણે ભરતખંડમાં રહીએ છીએ અને એના રાજા**

**'નરનારાયણદેવ' છે. નરનારાયણદેવના ચરણ પકડીને રહેવાનું.** સગવડિયા ધર્મનું પાલન નહિ કરવાનું. થોડીક બુદ્ધિ વાપરવાની. થોડોક વિચાર કરવાનો. આપણું મુકીને બીજે નહિ જવાનું. **કોઈનો વિરોધ નથી. પણ આ બધું આપણે સમજવા માટે છે.** એકને પકડી રાખીશું તો આપણી પ્રગતિ જલ્દી થશે. જો તમારા ઘરમાં અંધારુ હોય અને બીજાના ઘરમાં દીવો કરો તો ના ચાલે. બીજાના મંદિરમાં કરેલી રોશની કે મોટા બંગલામાં કરેલી રોશનીથી પ્રભાવિત થયા વગર પોતાના હૃદયમાં રોશની પ્રગટાવવાનો પ્રયત્ન કરો, એ જ સાચી રોશની છે. જ્યારે ભગવાનના દર્શન કરો ત્યારે ભગવાનને જોઈને તમારા હૃદયમાં પ્રેમ અને અહોભાવની લાગણીરૂપી રોશની ઉત્પન્ન થવી જોઈએ. એ જે ભાવ છે એ દિવ્ય અને અલૌકિક હોય છે. એની આગળ જગતની બધી વસ્તું તુચ્છ છે. તો પ્રયત્ન કરો કે નરનારાયણદેવના ચરણમાં તમારી પ્રીતિ દૃઢ થાય અને ખાસ ધ્યાન રાખવાનું કે બીજાનો વૈભવ જોઈને પ્રભાવિત અને આકર્ષિત થઈને પોતાનો અભાવ નહિ લાવવાનો પણ પ્રયત્ન કરવાનો.

●

### "શ્રી ચરણારવિંદના ચિહ્નનો મહિમા"

- સાંખ્યયોગી કોકીલાબા (સુરેન્દ્રનગર)

સામુદ્રિક શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે પરમાત્માના અવતારના ચરણોમાં સોળ કલ્યાણકારી ચિન્હો છે. અવતારોનાં અવતારી, કારણોના કારણ, સર્વોપરી, પરબ્રહ્મ પરમાત્મા શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં ચરણોમાં કલ્યાણકારી આવા સોળ ચિહ્નો હતા. આ ચિહ્નોના ધ્યાનનો મહિમા અતિશય અપાર છે. જો તે ચિહ્નોનું યથા સ્થાને મહિમાએ સહિત ચિત્તની એકાગ્રતાએ સહિત ધ્યાન કરવામાં આવે તો તે ભક્તની આધ્યાત્મિક ક્ષેત્રે સર્વ પ્રકારે ઉન્નતિ થાય તથા આત્યાંતિક કલ્યાણ બહુ સુગમ અને સરળ બને છે.

સદ્ગુરુ શ્રી પ્રેમાનંદ સ્વામી કૃત શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણરવિંદના ચિહ્નોના વર્ણન કરતું અતિ મનનીય કીર્તન સદા સ્મૃતિ માટે રચેલું છે જે.....

**"ઓરા આવો શ્યામ સ્નેહિ, સુંદર વર જોઉં વહાલા,**
**જુગલ ચરણમાં કહું મનોહર, ચિહ્ન તેના નામ વહાલા.**
**શુદ્ધ મને કરી સંભારતાં, નાશ પામે કામ વહાલા.**
**અષ્ટકોણને ઉર્ધ્વરેખા, સ્વસ્તિ જાંબુ જવ વહાલા.**
**વ્રજ અંકુશ કેતુ ને પદમ, જમણે પગે નવ વહાલા.**
**ત્રિકોણ કળશને ગોપદ સુંદર, ધનુષ ને મીન વહાલા.**
**અર્ધચન્દ્ર ને વ્યોમ સાત છે. ડાબે પગે ચિહ્ન વહાલા.**

આ રીતે મહિમાએ સહિત ઈન્દ્રિયો, અંતઃકરણ તથા જીવાત્મા એક થઈ ગદ્ગદ્ કંઠે પરબ્રહ્મ પરમાત્માના ચરણનાં સોળ ચિહ્નોનું તથા સ્થાન પર ધ્યાન કરે તો ધર્મ-જ્ઞાન-વૈરાગ્ય અને મહાત્મ્ય જ્ઞાને યુક્ત નિષ્કામ પરા પ્રેમલક્ષણા ભક્તિની સિદ્ધિ થાય છે. અને પરમાત્માની મૂર્તિનો સાક્ષાત્કાર થાય છે. અને નિર્વિઘ્નપણે તેનું આત્યાંતિક કલ્યાણ થાય છે. આ સોળ ચિહ્નો અક્ષરધામમાં જવાના, મુક્તિ પામવાના પગથિયાં છે. જે ચરણારવિંદને નિરખવા માટે, પામવા માટે દેવો તલપી રહ્યા છે. પણ ભવ, બ્રહ્માને તે મળતા નથી. તે ચરણારવિંદ આપણને મળ્યા છે. તો એકાગ્ર થઈને સોળ ચિહ્નનું સ્મૃતિ સાથે ધ્યાન કરવું. જેથી આપણું જીવન સંસારથી અલિપ્ત થઈ પ્રભુ સ્વરૂપમાં જોડાય છે.

**શ્રીહરિના જમણા ચરણમાં નવ ચિહ્નો છે.** જેનું ચિંતવન કરવાથી જે ફળ મળે છે તેનું વર્ણન કરીએ છીએ.

**(૧) અષ્ટકોણ :** શ્રીજી મહારાજના જમણા ચરણમાં ઉર્ધ્વરેખાથી દૂર પાનીમાં અષ્ટકોણનું ચિહ્ન છે. તેનું ચિંતવન કરવામાં આવે તો તે ભક્ત પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, અહંકાર, મહતત્વ અને પ્રકૃતિ આ આઠ આવરણોને સહેલાઈથી ભેદી શકે છે. આત્યાંતિક કલ્યાણમાં આઠ આવરણો તેને નડતા નથી. બીજું જે ભક્તજન અષ્ટકોણ રૂપી ચિંહ્નનું ધ્યાન કરે છે. તો એ અષ્ટાંગ યોગનું ફળ પામે છે. અને તે અષ્ટાંગ યોગ શું ? ૧. યમ, ૨. નિયમ, ૩. આસન, ૪. પ્રાણાયામ, ૫. પ્રત્યાહાર, ૬. ધારણા, ૭. ધ્યાન, ૮. સમાધિ. આ આઠ તેનું નામ અષ્ટાંગ યોગ. તો અષ્ટાંગ યોગનું ફળ પામે છે.

**(૨) ઉર્ધ્વરેખા :** બંને ચરણમાં ઉર્ધ્વરેખાનું ચિહ્ન છે. પણ ચિહ્ન તરીકે એકજ જમણા ચરણમાં જ ગણાય છે. જે ભક્તજન ઉર્ધ્વરેખા ચિહ્નનું ધ્યાન કરે છે તે ભક્તની આત્યાંતિક કલ્યાણના માર્ગમાં સર્વ પ્રકારે ઉન્નતિ કે ઉર્ધ્વગતિ થાય છે. દિવસે દિવસે ધર્મ-જ્ઞાન-વૈરાગ્ય અને

મહાત્મ્ય જ્ઞાને સહિત પ્રેમલક્ષણ ભક્તિ વધે છે. અને અક્ષરધામની પ્રાપ્તિ થાય છે.

**(૩) સ્વસ્તિક :** શ્રીજી મહારાજના જમણા ચરણની પાનીમાં આવેલું છે. સ્વસ્તિક એ આનંદ મંગળ અને કલ્યાણની નિશાની છે. એકાગ્ર ચિત્તે તે ચિહ્નનું જો ધ્યાન કરવામાં આવે તો તેને સદા ભગવાનના સ્વરૂપનો આનંદ આવે તેનું મંગળ થાય એ દેહને અંતે તેનું આત્યાંતિક કલ્યાણ થાય છે.

**(૪) જાંબુ :** જાંબુના ચિહ્નનું એકાગ્ર ચિત્તે ધ્યાન કરવામાં આવે તો તે ભક્તનું મન માયિક વિષય રસમાં ક્યાંય નહિ બંધાતા કેવળ શ્રીહરિની મૂર્તિમાં સ્થિર થાય છે. અને ભગવાનની મૂર્તિમાં સર્વરસ માણનાર વિષયરૂપી ખાટી છાશ પીવા સમર્થ થતું નથી. અંતે આત્યાંતિક કલ્યાણ થાય છે.

**(૫) જવ :** જવનું જે ભક્તજન ધ્યાન કરે છે. તેના સર્વે પાપ નાશ પામે છે અને તે ભક્તને આત્મા તથા પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન ઉદય થાય છે.

**(૬) વજ :** વજનું ધ્યાન કરવાથી ભક્તના પાપ રૂપી મોટા પર્વતો ભેદાય છે ને મનરૂપી પક્ષીની પાંખને છેદી શ્રીહરિની મૂર્તિમાં સ્થિર થાય છે.

**(૭) અંકુશ :** અંકુશ ચિહ્નનું ધ્યાન કરવાથી મનરૂપી હાથીને જીતીને વશ કરે છે. કામ, ક્રોધ, માન, અહંકાર, અભિમાન આદિ દોષો ઉન્મત હોય છતાં અંકુશમાં આવે છે.

**(૮) કેતુ :** કેતુ એટલે ધજા, જે ભક્ત ધ્વજરૂપી ચિહ્નનું ધ્યાન કરે છે એ ભક્ત કામરૂપી શત્રુને જીતીને માયિક સુખ માત્રની વાસનાને ટાળી ભગવાનના અક્ષરધામને પામે છે.

**(૯) પદમ (કમળ) :** જે ભક્તજન પદ્મરૂપી ચિહ્નનું ધ્યાન કરે છે તે ભક્તજન સંસારરૂપી જળમાં રહેવા છતાં પણ સંસારથી પરાભવ પામે નહિ અર્થાત્ ડૂબે નહિ. સંસારમાં અલિપ્ત રહી ભગવાનના સ્વરૂપમાં મગ્ન થાય છે.

**શ્રીહરિના ડાબા ચરણમાં સાત ચિહ્નો છે.**

**(૧૦) ત્રિકોણ :** ત્રિકોણરૂપી ચિહ્નનું ધ્યાન કરે છે તો એ ભક્તજન ત્રિવિધ તાપને ટાળીને સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ દેહનો ત્યાગ કરીને બ્રહ્મમય દેહને પામીને અક્ષરધામમાં ભગવાનની સેવામાં રહે છે. ત્રણ ગુણથી રહિત બની નિર્ગુણ બને છે.

**(૧૧) કળશ :** જે ભક્તજન કળશનું ધ્યાન કરે છે તો જેમ કળશ શિખર ઉપર ચડે છે. તેમ સર્વોપરી જે શ્રીજી મહારાજનું અક્ષરધામ તેને પામે છે.

**(૧૨) ગોપદ :** જે ભક્તજન ગોપદનું ધ્યાન કરે છે. તે ગોપદ તુલ્ય સંસાર રૂપી સમુદ્રને પરિશ્રમ વિના તરી જાય છે.

**(૧૩) ધનુષ્ય :** જે ભક્તજન ધનુષરૂપી ચિહ્નનું ધ્યાન કરે છે તેનાથી કામાદિક શત્રુ પણ હાર પામે છે અને કોઈ પ્રકારે અંતઃશત્રુ નડી શકતા નથી.

**(૧૪) મીન :** મત્સ્યરૂપી ચિહ્નનું ધ્યાન કરે છે. તો સદ્‌ગુણોની વૃધ્ધિ થાય છે. જે સંસારમાં રહે તો પણ સંસાર રૂપી જળમાં પરાભવ ન પામે નહિ.

**(૧૫) અર્ધચન્દ્ર :** જે ભક્તજન અર્ધચંદ્ર રૂપી ચિહ્નનું ધ્યાન કરે છે તે ભક્તના અંતરમાં અતિશય પ્રકાશ થાય છે અને અર્ધચંદ્ર ને દેખીને જેમ કુમુદ પ્રફુલિત થાય છે તેમ એ ભક્તનું મન અતિશે આનંદને પામે છે. ને ભક્તિ માર્ગે દિવસે દિવસે વૃદ્ધિ પામે છે. જેથી તેનું આત્યાંતિક કલ્યાણ સુગમ બને છે.

**(૧૬) વ્યોમ :** જે ભક્તજન વ્યોમનું ધ્યાન કરે છે તે ભક્ત અલૌકિક ભગવાનની પ્રસન્નતાથી નિષ્કામાદિક જે ગુણ તેને પામીને આકાશની પેઠે નિર્લેપ થઈ ભગવાનના અક્ષરધામને પામે છે. તેમજ સંસાર વ્યવહાર, પંચવિષયો તથા માયિક પદાર્થોથી અલિપ્ત અને નિર્વિકારી બની ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રહેવાથી આત્યાંતિક કલ્યાણ સરળ અને સુગમ બને છે.

●

### સત્કર્મ એજ જીવન

- લાભુબેન મનુભાઈ પટેલ (મુ. કુંડાળ, તા. કડી)

વગડાની વાટે વૃક્ષો વાવતા એક વૃધ્ધજન ને જોઈ ત્યાંથી પસાર થતાં રાજાએ તેને પૂછ્યું : 'હે ભાઈ ! તારી ઉંમર કેટલી ?' વૃધ્ધે થોડીવાર વિચાર કરીને કહ્યું : 'રાજન્ ! મારી ઉંમર બે વર્ષ.' 'રાજાએ સવિસ્મય કહ્યું : 'એવું તો કેમ બની શકે ?' 'રાજન્ ! હું ખોટું બોલતો નથી. મારાં સિત્તેર વર્ષ તો

સંસારની મોહમાયામાં વ્યતિત થઈ ગયાં. છેલ્લાં બે વર્ષથી જ હું આવાં સત્કર્મો કરું છું એટલે મારી ઉંમર બે વર્ષ જ ગણાય ને ?' વૃધ્ધની એવી વાત સાંભળીને રાજાને જીવનનો મર્મ સમજાઈ ગયો. ખરેખર સત્કર્મ એજ જીવન છે. જીવનને માપવાનો માપદંડ વર્ષો નથી પરંતુ જીવનમાં થતાં સત્કર્મો છે. જીવનમાં વર્ષો ઉમેરવાની વાત મોટી નથી પરંતુ વર્ષોમાં જીવન ઉમેરો એ વાત મહત્વની છે. માણસ કેટલું જીવ્યો એ નહિ. પરંતુ કેવું જીવ્યો એ મહત્વની બાબત છે.

તાડનું ઝાડ ખૂબ ઊંચું હોય છે, તેનું જીવન પણ લાંબુ હોય છે, પરંતુ તેનો છાંયડો કોઈના કામમાં આવતો નથી. જ્યારે એક પુષ્પ સવારે ખીલી સાંજે કરમાઈ જાય છે. છતાં તે પોતાના ટૂંકા જીવનમાં સર્વત્ર કેવી સુગંધ ફેલાવે છે ? મનુષ્ય જીવન પણ સત્કર્મોથી સફળ બને છે. કહેવાય છે કે પ્રાર્થનામાં જોડાયેલા બે હાથ કરતાં સત્કર્મોમાં જોડાયેલ એક હાથ સારો છે. જ્યારે મનુષ્યના સત્કર્મોનો તેજ લિસોટો રચાય છે ત્યારે સમાજને શ્રેયનો માર્ગ મળે છે. ફળસ્વરૂપ બીજા લોકોને પણ સત્કર્મ કરવાની પ્રેરણા મળે છે. સત્કર્મમાં સતત નિરંતર મનુષ્યનું જીવન પુષ્પ સમું સુંદર, ચંદન જેવું શિતળ સુગંધિત અને દીપક જેવું પ્રકાશવાન બની જાય છે. સત્કર્મો મનુષ્યના અંતરને અજવાળે છે.

મનુષ્ય ક્યારેક નિરાંતની પળોમાં એકાંતમાં બેસી પોતાના જીવનમાં થયેલા સત્કર્મોનું સ્મરણ કરે છે ત્યારે તેનું અંતઃકરણ શતદલ કમળની જેમ ખીલી ઉઠે છે. તેના મનમાં અભિનવા આનંદનો અને અજીબસી શાંતિનો અહેસાસ થાય છે. પ્રસ્તુત વિષયનાં સમર્થનમાં એક પ્રેરક પસંદ યાદ આવે છે.

એક દિવસ એક માણસ કોઈક ગામનાં પાદરે આવેલા સ્મશાન પાસેથી પસાર થતો હતો. એવામાં તેની નજર સ્મશાનની ઓરડી પર પડી. એ ઓરડીની દિવાલ પર મૃતકોનાં નામ સામે નોંધાયેલી તેમની ઉંમર જોઈ તેને આશ્ચર્ય થયું. કારણ કે તેમાં કોઈની ઉંમર બે વર્ષ, કોઈની ચાર, કોઈની આઠ, કોઈની પાંચ તો કોઈની ઉંમર દશ વર્ષ દર્શાવેલી હતી.

તેને થયું કે આ ગામમાં કોઈ વ્યક્તિ લાંબુ આયુષ્ય ભોગવતો નહિ હોય ? કે પછી ગામ શાપિત હશે ? એવામાં એ ગામનાં એક ભાઈ ત્યાંથી પસાર થયા. પેલા માણસે તેમની પાસે જઈને પૂછ્યું 'ભાઈ ! આ ગામનાં લોકો આટલું ટુંકું આયુષ્ય ભોગવીને કેમ મૃત્યુ પામે છે ?' પેલા ભાઈએ તેને હસીને કહ્યું : 'ભાઈ ! તમે ધારો છો એવું કંઈ નથી. હા, અમારા ગામમાં એક નિયમ છે. ગામનો દરેક માણસ પોતાની પાસે એક ડાયરી રાખે છે. એમાં દિવસ દરમ્યાન કરેલાં સત્કર્મો તેમજ સત્કર્મોમાં ગાળેલા સમયને ડાયરીમાં નોંધી રાખે છે. સમયાંતરે કોઈ માણસનું મૃત્યુ થાય ત્યારે તેની ડાયરી કાઢવામાં આવે છે.

તેણે સત્કર્મોમાં કેટલા કલાક ગાળ્યા એ આધારે એ કલાકોનો સરવાળો કરી તેની ઉંમર નક્કી કરવામાં આવે છે. અને એ ઉંમર આ ઓરડીની દિવાલ પર લખેલા મૃતકના નામ સામે નોંધવામાં આવે છે.' એ ભાઈની એવી વાત સાંભળીને પેલો માણસ દંગ થઈ ગયો. તેને થયું કે જીવનની સફળતાનો માર્ગ કેટલો સરળ છે ? આપણે એ માર્ગે ચાલીશું ?

**શ્રી નરનારાયણાદિ દેવોને આમ્રોત્સવના યજમાન**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પૂ. મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી તા. ૧૮-૬-૨૦૨૪ ના રોજ શ્રી નરનારાયણદેવ આદિ દેવોના આમ્રોત્સવના યજમાન અ.નિ. પ.ભ. વલ્લભભાઈ ભુરાભાઈ નસીત, અ.નિ. દિવાળીબેન વલ્લભભાઈ નસીત, હા. પ.ભ. પ્રવિણભાઈ વી. નસીત, પ.ભ. નરસિંહભાઈ વી. નસીત, રેખાબેન પી. નસીત, પ્રભાબેન એન. નસીત તથા નિલ-મૌલિક (અમદાવાદ)

**શ્રી સ્વામિનારાયણ માસિકના સભ્યો બનાવવાની પ્રેરણાત્મક સેવા**

પ.પૂ. લાલજી મહારાજશ્રીની પ્રેરણા-આશીર્વાદથી આપણા શ્રી સ્વામિનારાયણ માસિકના સભ્યો બનાવવા માટે ઘણા હરિભક્તો સૌજન્ય સેવા કરતા હોય છે. હમણા બાપુપુરા ગામે કથા પ્રસંગે પ.ભ. કાંતિભાઈ હાથીભાઈ ચૌધરી (પંડિત)ની સૌજન્ય સેવાથી ૩૦ જેટલા સભ્યો થયા હતા.

# સત્સંગ સમાચાર

## શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં આમ્રોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા અમદાવાદ મંદિરના પૂજ્ય મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી શ્રી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી શ્રીસ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન ભરતખંડના રાજાધિરાજ શ્રી નરનારાયણાદિ દેવોને તા. ૧૮-૬-૨૦૨૪ મંગળવારના રોજ અ.નિ.પ.ભ. વલ્લભભાઈ ભુરાભાઈ નસીત, અ.નિ. દિવાળીબેન વલ્લભભાઈ નસીત પરિવાર (અમદાવાદ) તરફથી ભવ્ય કેસર કેરીઓનો સુંદર આમ્રોત્સવ અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. હજારો હરિભક્તોએ આવા અલૌકિક દર્શન કરી ધન્યભાગી થયા હતા. પૂજ્ય મહંત સ્વામીના સંત-પાર્ષદ મંડળે આ પ્રસંગે સુંદર પ્રેરણારૂપ સેવા કરી હતી. યજમાન પરિવાર ઉપર શ્રી નરનારાયણદેવ અને સમગ્ર ધર્મકુળ અંતરથી રાજી થયા છે.

(કોઠારી શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી)

## અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિર શ્રીનરનારાયણદેવને કેસરસ્નાન દર્શન

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદ સહ રાજીપાથી તેમજ અમદાવાદ મંદિરના પૂજ્ય મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી શ્રી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં બિરાજમાન ભરતખંડના રાજાધિરાજ શ્રી નરનારાયણદેવને કેસર સ્નાન જેઠ સુદ-૧૪ તા. ૨૧-૬-૨૦૨૪ શુક્રવારના સવારના ૬-૩૦ થી ૭-૦૦ સુધી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે વિધિવત રીતે સંપન્ન થયું હતું. હજારો ગામોગામ ને શહેરના હરિભક્તોએ કેસર સ્નાન દર્શન કરી ખૂબજ ધન્યભાગી બન્યા હતા. સતત દોઢ માસ સુધી ઠાકોરજીને ચંદન સુખડના વાઘા ધરાવીને સૌ હરિભક્તોને ઠાકોરજીના પૂજારી બ્રહ્મચારી સંતોએ સુંદર અલૌકિક દર્શન કરાવ્યા હતા.

કેસર સ્નાનના યજમાન શ્રી ઉનાવા મિત્ર મંડળ, પટેલ મુકેશભાઈ લાલભાઈ, પટેલ પ્રકાશભાઈ લાલભાઈ, પટેલ દેવેન્દ્રભાઈ નારણભાઈ, પટેલ મનીષભાઈ નટવરભાઈ, પટેલ વિનુભાઈ અંબાલાલ, પટેલ દક્ષેશભાઈ રમેશભાઈ આદિ મિત્ર મંડળે યજમાન બની અલૌકિક લાભ લીધો હતો. પ્રાસંગિક સભામાં સૌ પ્રથમ પૂજ્ય મહંત સ્વામીએ કેસર સ્નાનનું માહાત્મ્ય-મહિમા સમજાવી તમામ યજમાન પરિવારનું પ.પૂ. મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે પુષ્પહાર પહેરાવી સન્માન કરાવ્યું હતું.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ઉનાવા ગામના સમગ્ર યજમાન મિત્ર મંડળ ઉપર ખૂબજ રાજી થઈ આશીર્વાદ પાઠવ્યા હતા. આજે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ૩ બ્રહ્મચારી સંતો અને ૧ સંતને મહા દીક્ષા આપી હતી.

આજે સવારના ૭ થી ૧૦ કલાક દરમ્યાન શ્રી સ્વામિનારાયણ મહામંત્રની અખંડ ધૂન કરવામાં આવી હતી. ઠાકોરજીને થાળ, ધર્મકુળ, સંત, વર્ણી પાર્ષદોને રસોઈ આપવામાં આવી હતી.

આ પ્રસંગે સભા સંચાલન શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજીએ શોભાવ્યું હતું. રસોઈ પ્રસંગની સેવામાં પૂ. જે.પી. સ્વામી, ભંડારી ધર્મસ્વરૂપ સ્વામીએ પ્રેરણાત્મક સેવા બજાવી હતી.

(કોઠારી સ્વામી, કાલુપુર મંદિર)

## શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર જેઠ માસની પૂનમની સત્સંગ સભા

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદ સહ રાજીપાથી તેમજ અમદાવાદ મંદિરના પૂજ્ય મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી શ્રી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી દર પૂનમના શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં ધર્મકુળની શુભ નિશ્રામાં ૨ કલાક સુધી સત્સંગ સભાનું સુંદર આયોજન થાય છે.

તા. ૨૨-૬-૨૦૨૪ શનિવાર આ વખતની જેઠ સુદ-૧૫ ની સત્સંગ સભા પ.ભ. શ્રી અમૃતભાઈ મણીભાઈ પટેલ (ચાંદખેડા), અ.સૌ. સંગીતાબેન અમૃતભાઈ પટેલ, પ્રેયશ અમૃતભાઈ પટેલ, રાનુબેન અમૃતભાઈ પટેલ તથા પાવની પટેલ આદિ પરિવાર તરફથી ઠાકોરજીને થાળ, સંત-વર્ણી પાર્ષદો અને હરિભક્તોને રસોઈ આદિ આયોજીત થયું હતું. પૂ. ઘનશ્યામ સ્વામીએ સંગીત સાથે ભગવાન શ્રીહરિના લીલા ચરિત્રની કથા સંભળાવી હતી.

પ્રાસંગિક સભામાં પૂજ્ય મહંત સ્વામીએ શ્રી નરનારાયણદેવના માહાત્મ્ય સાથે યજમાન પરિવારની સેવાને બિરદાવી હતી અને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે યજમાન પરિવારનું પુષ્પહાર પહેરાવી સન્માન કરાવ્યું હતું. યજમાન પરિવારે પણ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન કરી આરતી ઉતારી હતી. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ યજમાન પરિવાર ઉપર ખૂબજ રાજી થઈ આશીર્વાદ આપ્યા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ દરેક ગામ વાર દર પૂનમના સત્સંગ સભા થાય તેવી આજ્ઞા કરી હતી. છેલ્લે

મહામંત્ર ધૂન બાદ ઠાકોરજીની રાજભોગ આરતી થઈ હતી. ત્યારબાદ હજારો દર્શનાર્થીઓએ મહા પ્રસાદ ગ્રહણ કરી વિદાય થયા હતા. સભાનું સુંદર સંચાલન શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજીએ શોભાવ્યું હતું.

(કોઠારી સ્વામી, કાલુપુર મંદિર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર, સે-૨, ગાંધીનગર રજત જયંતી મહોત્સવના ઉપલક્ષમાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ**

શ્રી સ્વામિનારાયણ મંદિર, સે-૨, ગાંધીનગર વર્ષ-૨૦૨૪ માં ૨૫ વર્ષ પુરા થવા જઈ રહ્યા છે ત્યારે પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકુળ ના રૂડા આશીર્વાદ અને આજ્ઞાથી તેમજ શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદના પૂજ્ય મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી અને ગાંધીનગર મંદિરના મહંત શ્રી વ્રજભૂષણદાસજીના માર્ગદર્શન હેઠળ ધાર્મિક તથા વિવિધ સામાજીક પ્રવૃત્તિઓ સમગ્ર વર્ષ દરમ્યાન ચાલી રહેલ છે. તેની આછેરી ઝલક.

**"સત્સંગસભા-૨"** : તા. ૫-૫-૨૦૨૪ ને રવિવારના રોજ ગાંધીનગર જિલ્લા ના શ્રી સ્વામિનારાયણ મંદિર લવારપુરના સ્થાનિક હરિભક્તો દ્વારા શ્રી વસંતભાઈ નાનુભાઈ પટેલના યજમાન પદે સત્સંગસભાનું રાત્રે ૯ થી ૧૦:૩૦ સુધી આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ મંદિરના પૂ. મહંત શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી તથા સંતોએ સભામાં પધારી સત્સંગ, કીર્તન ભક્તિનો લાભ આપ્યો હતો. ૪૦૦ જેટલા હરિભકતો એ ખૂબજ ભક્તિભાવથી સત્સંગ સભાનો લાભ લીધો હતો.

**"સત્સંગ સભા-૩"** : તા. ૧૭-૫-૨૦૨૪ ને શુક્રવારના રોજ ગાંધીનગર જિલ્લાના નાના ચિલોડા ગામ ખાતે સ્થાનિક હરિભક્તો દ્વારા સત્સંગસભા નું રાત્રે ૯ થી ૧૦:૩૦ સુધી આયોજન કરવામાં આવ્યું હતું. અમદાવાદ મંદિરના પૂ. મહંત સ્વામી સ.ગુ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી, પૂજ્ય શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી સ્વામી (કોટેશ્વર) તથા સંત મંડળે સભામાં પધારી અને સત્સંગ, કીર્તન ભક્તિનો લાભ આપ્યો હતો. આજની સભામાં આશરે ૬૦૦ જેટલા હરિભકતોએ ખૂબ ભક્તિભાવથી સત્સંગનો લાભ લીધો હતો.

**"સત્સંગ સભા-૪"** : તા. ૨૮-૫-૨૦૨૪ ને મંગળવારના રોજ ગાંધીનગરના વાવોલ ગામ ખાતે, શ્રી અનિલભાઈ ચતુરભાઈ પટેલ પરિવાર ના યજમાન પદે સત્સંગસભા નું આયોજન રાત્રે ૯ થી ૧૦:૩૦ સુધી કરવામાં આવ્યું હતું. શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદના સંતોએ સભામાં પધારી સત્સંગ, કીર્તન ભક્તિનો લાભ આપ્યો હતો. આશરે ૪૫૦ જેટલા હરિભકતોએ ખૂબ જ ભક્તિભાવથી સત્સંગનો લાભ લીધો હતો.

**"કીર્તન ભક્તિ સભા ૨૨"** : શ્રી સ્વામિનારાયણ મંદિર સેક્ટર-૨ ના રજત જયંતી મહોત્સવના ઉપલક્ષમાં વિવિધ કાર્યક્રમોના આયોજન અંતર્ગત ૨૫ સભાઓ પૈકીની ૨૨મી કીર્તન ભક્તિ સભા તા. ૭-૫-૨૪, ને મંગળવારના રોજ પ.ભ. વિષ્ણુભાઈ ગોવિંદભાઈ ચૌધરીના નિવાસ સ્થાન સે-૨૬ માં રાત્રે ૮-૩૦ થી ૧૦-૩૦ સુધી થઈ હતી. અત્રે મોટી સંખ્યામાં હરિભક્તોએ હાજર રહી અને કીર્તન ભક્તિનો લાભ લીધો હતો.

**"કીર્તન ભક્તિ સભા ૨૩"** : શ્રી સ્વામિનારાયણ મંદિર સેક્ટર-૨ ના રજત જયંતી મહોત્સવના ઉપલક્ષમાં વિવિધ કાર્યક્રમોનાં આયોજન અંતર્ગત ૨૫ સભાઓ પૈકીની ૨૩ મી કીર્તન ભક્તિ સભા તા. ૧૯-૫-૨૪, ને રવિવારના રોજ પ.ભ. મયુરભાઈ કેશવલાલ પટેલ પરિવાર (ઉનાવાવાળા), (સે-૨૨)ના યજમાન પદે રાત્રે ૮-૩૦ થી ૧૦-૩૦ સુધી થઈ હતી. આ સભામાં ૪૦૦ જેટલા હરિભક્તોએ હાજર રહી અને કીર્તન ભક્તિનો લાભ લીધો હતો.

**"કીર્તન ભક્તિ સભા ૨૪"** : સ્વામિનારાયણ મંદિર સેક્ટર-૨ ના રજત જયંતી મહોત્સવના ઉપલક્ષમાં વિવિધ કાર્યક્રમોના આયોજન અંતર્ગત ૨૫ સભાઓ પૈકીની ૨૪ મી કીર્તન ભક્તિ સભા તા. ૨૪-૫-૨૪, ને શુક્રવારના રોજ પ.ભ. બિપીનભાઈ મણીભાઈ પટેલ પરિવારના યજમાન પદે (સે-૭માં) રાત્રે ૮-૩૦ થી ૧૦-૩૦ સુધી થઈ હતી. ત્યાં મોટી સંખ્યામાં હરિભક્તોએ હાજર રહી અને કીર્તન ભક્તિનો લાભ લીધો હતો.

**"મહિલા સત્સંગ સભા"** : શ્રી સ્વામિનારાયણ મંદિર સેક્ટર-૨ ના રજત જયંતી મહોત્સવના ઉપલક્ષમાં વિવિધ કાર્યક્રમોના આયોજન અંતર્ગત પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની આજ્ઞા-આશીર્વાદથી મહિલા સત્સંગ સભા તા. ૨૭-૫-૨૪ સોમવારના રોજ ૩-૩૦ થી ૬-૩૦ સુધી આયોજીત કરવામાં આવી હતી. આજની સભામાં શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદના સાંખ્યયોગી બહેનોએ પધારીને સત્સંગ કથા-વાર્તા નો લાભ આપ્યો હતો. સભામાં મોટી સંખ્યામાં બહેનોએ હાજર રહી સત્સંગનો લાભ લીધો હતો. અઠવાડિક મહિલા સત્સંગ સભા અંતર્ગત દર ગુરુવારે સાંજે ૪ થી ૫ હરિસ્મૃતિના પાઠ પણ કરવામાં આવે છે.

શ્રી સ્વામિનારાયણ મંદિર સે-૨, ગાંધીનગરના રજત જયંતી મહોત્સવ અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓમાં સિનિયર સીટીઝન મંડળ, યુવક મંડળ અને મહિલા મંડળના સર્વે સભ્યો તન, મન, ધનથી ઉત્સાહપૂર્વક સેવા કરી રહ્યા છે અને સમગ્ર પ્રવૃતિઓમાં અમદાવાદ મંદિરના પૂજ્ય મહંત સ્વામી પી.પી. સ્વામી સંત મંડળ સાથે હાજર રહી અને માર્ગદશન આપી રહ્યાં છે.

(બિપીન પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર, સે-૨, ગાંધીનગર રજત જયંતી મહોત્સવના ઉપલક્ષમાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ**

**કીર્તન ભક્તિ સભા ૨૫** : શ્રી સ્વામિનારાયણ મંદિર સેક્ટર-૨ ના રજત જયંતી મહોત્સવના ઉપલક્ષમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન અંતર્ગત ૨૫ સભાઓ પૈકીની ૨૫ મી

કીર્તન ભક્તિ સભા તા. ૭-૬-૨૪ ને શુક્રવારના રોજ રાત્રે ૮-૩૦ થી ૧૦-૩૦ સુધી શ્રી સ્વામિનારાયણ મંદિર, સેક્ટર-૨ ખાતે આયોજિત કરવામાં આવી હતી. ત્યાં મોટી સંખ્યામાં હરિભક્તોએ કીર્તન ભક્તિનો લાભ લીધો હતો.

**એજ્યુકેશન કીટનું વિતરણ :** શ્રી સ્વામિનારાયણ મંદિર સેક્ટર-૨ દ્વારા ગાંધીનગરની અંધશાળા છાત્રાલય સેક્ટર ૧૬, મુક બધીર શિશુ વિદ્યામંદિર, સે.-૨૮ સદ્‌વિચાર વિકલાંગ સ્કૂલ, ઉવારસદ, ધરમપુર, દોલારાણા વાસણા, ઈસનપુર, નાંદોલ, વર્ધાના મુવાડા, સલકી, આદરજ, લવારપુર, બાલવા, સોનારડા, કુડાસણ, સે.-૨ મંદિર બાળ મંડળ તથા ઉનાવાની સ્કૂલમાં વિદ્યાર્થીઓને એજ્યુકેશન કીટ જેમાં ફૂલસ્કેપ ચોપડા, રબર, પેન્સિલ વિ. નું વિતરણ કરવામાં આવ્યું હતું. સે.-૨ મંદિરના પૂ. મહંત સ્વામી વ્રજભૂષણદાસજીએ જાતે દરેક ગામોમાં જઈને બાળકોને કીટ વિતરણ કર્યું હતું.

**“આમ્રોત્સવ” :** તા. ૨૮-૫-૨૦૨૪ને મંગળવારના રોજ શ્રી સ્વામિનારાયણ મંદિર સેક્ટર-૨ ખાતે ભવ્ય આમ્રોત્સવ ઉજવાયો હતો. સર્વે દેવોને સુંદર મજાની કેસર કેરી ધરાવવામાં આવેલ હતી. આ ઉત્સવમાં કુડાસણના મિત્રોએ યજમાન પદે રહીને લાભ લીધો હતો.

**“સત્સંગસભા-૫” :** તા. ૧૬-૬-૨૦૨૪ ને રવિવારના રોજ શ્રી સ્વામિનારાયણ મંદિર, પોર ગામ ખાતે સમસ્ત સત્સંગ સમાજ પોર ગામના યજમાન પદે સત્સંગ સભાનું આયોજન રાત્રે ૯ થી ૧૦-૩૦ સુધી કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદના સંતોએ સભામાં પધારી સત્સંગ, કીર્તન ભક્તિનો લાભ આપ્યો હતો. આશરે ૪૫૦ જેટલા હરિભક્તોએ ખૂબ ભક્તિભાવથી સત્સંગનો લાભ લીધો હતો.

શ્રી સ્વામિનારાયણ મંદિર, સે-૨, ગાંધીનગરના રજત જયંતી મહોત્સવ અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓમાં અમદાવાદ મંદિરના પૂજ્ય મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી તથા સેક્ટર-૨ મંદિરના પૂજ્ય મહંત સ્વામી વ્રજભૂષણદાસજી ખૂબજ જહેમતપૂર્વક આ ઉત્સવનું માર્ગદર્શન અને પ્રેરણા આપી રહ્યા છે. સિનિયર સીટીઝન મંડળ, યુવક મંડળ અને મહિલા મંડળના સર્વે સભ્યો તન, મન, ધનથી ઉત્સાહપૂર્વક સેવા કરી રહ્યાં છે. (બિપીન પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર હર્ષદ કોલોની ૬ કલાકની ધૂન તથા બાળ મંડળ દ્વારા વ્યસનમુક્તિ રેલી**

શ્રી નરનારાયણદેવની પરમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સહ સમગ્ર ધર્મકુળ પરિવારના શુભ આશીર્વાદથી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની અંતર્ધાન તિથિ નિમિત્તે તા. ૧૬-૬-૨૦૨૪ રવિવારના દિવસે ભાઈઓએ ૧ કલાકની તથા બહેનોએ ૫ કલાકની શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરી હતી

આપણા કાલુપુર મંદિરની શ્રી સ્વામિનારાયણ બાળ સત્સંગ પુસ્તિકા પર્ણ-૧ માં લખેલ વ્યસનમુક્તિની પ્રવૃત્તિ અંતર્ગત વ્યસનથી થતા નુકશાનના ૧૬ પ્લે કાર્ડ સાથે બાળ મંડળના બાળકો મંદિરની આજુબાજુના રહેણાંક વિસ્તારમાં સવારના ૯ થી ૧૧ સુધી સતત ફર્યા હતા. બાળ મંડળના સંચાલક ગોરધનભાઈ વી. સીતાપરાએ પોર્ટેબલ સ્પીકર દ્વારા સતત બોલતા રહીને શિક્ષાપત્રીની મહત્તા, વ્યસનથી થતું નુકશાન તથા બાળકોને બાળ મંડળમાં મોકલી સુસંસ્કારી બનાવવા પર ભાર મુક્યો હતો.

વ્યસનમુક્તિ રેલીની વિશેષ પ્રવૃત્તિથી બાળકોને ખૂબ આનંદ આવ્યો હતો. (ગોરધનભાઈ વી. સીતાપરા)

**કાલીયાણા ગામે શ્રીહરિની અંતર્ધાન તિથિ નિમિત્તે ધૂન**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા જેતલપુરધામના પૂજ્ય મહંત શા. સ્વામી આત્મપ્રકાશદાસજી તથા પૂ. પી.પી. સ્વામીની પ્રેરણાથી કાલીયાણા ગામે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં જેઠ સુદ-૧૦ ના શ્રીહરિની અંતર્ધાન તિથિ નિમિત્તે ગામના સર્વે ભાઈઓ-બહેનો હરિભક્તોએ શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ૬ કલાક સુધી અખંડ ધૂન કરી હતી. પ.ભ. ડાહ્યાભાઈ બૂટીયાએ પૂર્ણાહુતિની આરતી કરાવી સૌને પ્રસાદ વહેચવામાં આવ્યો હતો. (કોઠારીશ્રી કાલીયાણા)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર મયુરનગર**

મૂળીધામ નિવાસી પરમકૃપાળુ શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્, સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા શ્રીજી સ્વામી (હળવદ સરા રોડ)ની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર મયુરનગરનો બીજો વાર્ષિક પાટોત્સવ તા. ૨૭-૫-૨૦૨૪ ના રોજ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે ત્રિદિનાત્મક કથા સેવાવત્સલ સ્વામી (મૂળી)એ કરી હતી. રણજીતગઢના સાંખ્યયોગી બહેનો, કોઠારી પ્રવિણભાઈ આદિ ગામના હરિભક્તોએ પ્રેરણારૂપ સેવા કરી હતી. અત્રે ગામના શ્રી રામજી મંદિરના જીર્ણોધ્ધારમાં ગામના હરિભક્તોએ સારી સેવા કરી હતી.

(પ્રતિ. અનિલ દુધરેજીયા)

## વિદેશ સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ હિન્દુ મંદિર બાલ્ટીમોર (અમેરિકા)**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા અત્રે સેવા પૂજા કરતા મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી (આદરજ)ની પ્રેરણા માર્ગદર્શનથી અત્રે આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર બાલ્ટીમોર ખાતે તા. ૧૬-૬-૨૦૨૪ જેઠ સુદ-૧૦ શ્રીહરિની અંતર્ધાન તિથિ નિમિત્તે સૌ હરિભક્તોએ સાથે મળી અખંડ ધૂન-ભજન કીર્તન કર્યા હતા. પૂ. રામ સ્વામી સત્સંગની સુંદર પ્રવૃત્તિ કરી હરિભક્તોને રાજી કરે છે. (કોઠારીશ્રી, બાલ્ટીમોર મંદિર)

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

**વૈશાખ સુદ-૧/૨** પ.ભ. નયનાબેન અમરતભાઈ પટેલ (વાપી), પ.ભ. અ.નિ. પરસોતમભાઈ હિરાભાઈ ગઢીયા (ઉગામેડી). **વૈશાખ સુદ-૩** પ.ભ. પર્વ હાર્દિકકુમાર પટેલ (અંબાપુર), પ.ભ. નિમેષ કાનજીભાઈ પટેલ (વડુ), પ.ભ. જીજ્ઞાબેન કે. પટેલ (નેત્રા-કચ્છ). **વૈશાખ સુદ-૪** પ.ભ. ધનબાઈ ગાંગજી વેકરીયા (માંડવી-કચ્છ), પ.ભ. સોહમ કિરીટભાઈ ડાહ્યાભાઈ પટેલ (અમદાવાદ). **વૈશાખ સુદ-૫** પ.ભ. રામદેવસિંહ હરિસિંહ ઝાલા (અમદાવાદ), પ.ભ. ભાઈલાલભાઈ શાંતિલાલ પાટડીયા (પાળીયાદ), પ.ભ. કપીલાબેન મૂળજીભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. બિપીનચંદ્ર કેશવલાલ પટેલ (અમદાવાદ), શ્રી નરનારાયણ ઈન્ફ્રાસ્ટ્રચર સહજાનંદ મેરી ગોલ્ડ (ચાંદખેડા), પ.ભ. પ્રવિણભાઈ વી. કોઠીયા (નિકોલ), પ.ભ. જયદિપ મનસુખ ભંડારીયા (મિરજાપુર-કચ્છ). **વૈશાખ સુદ-૬** પ.ભ. બિપીનભાઈ ગોસલીયા (ગઢડા), શ્રી સ્વામિનારાયણ મહિલા મંડળ (ઘમીજ). **વૈશાખ સુદ-૭** પ.ભ. શ્રેયાંસી ભરત લાલજી છબાડીયા (માંડવી-કચ્છ), પ.ભ. અ.નિ. બીનાબેન મનજી હાલાઈ (માંડવી-કચ્છ). **વૈશાખ સુદ-૮** પ.ભ. કાંતિ મૂળજી મેપાણી (સુખપર-કચ્છ), પ.ભ. અ.નિ. મનસુખભાઈ એમ. ગોહિલ (અમદાવાદ), પ.ભ. ધનજી કુરજી હરસીયાણી (કેરા-કચ્છ), પ.ભ. નરસીભાઈ ધનજીભાઈ કેવડીયા (સુરત), પ.ભ. અ.નિ. મેઘબાઈ માવજી ગોરસીયા (સુખપર-મદનપુર-કચ્છ). **વૈશાખ સુદ-૯** પ.ભ. વિષ્ણુભાઈ રમણભાઈ બેચરભાઈ ચૌધરી (બાલવા), પ.ભ. મંજુલાબેન વિનુભાઈ સાંગાણી (અમદાવાદ), પ.ભ. પ્રવિણકુમાર ત્રિભોવનદાસ પટેલ (અમદાવાદ). **વૈશાખ સુદ-૧૦** પ.ભ. રામજી માવજી ગોરસીયા પરિવાર (સુખપર-મદનપુર-કચ્છ), પ.ભ. જયંતીલાલ કાનદાસ પટેલ (નિકોલ). **વૈશાખ સુદ-૧૧** પ.ભ. કાશ્વી રિકીન કેરાઈ (માંડવી-કચ્છ). **વૈશાખ સુદ-૧૨** પ.ભ. ડૉ. પી.બી. ભાટીયા (જામજોધપુર), અ.નિ. પૂજારી સ્વામી વાસુદેવચરણદાસજી (ડાકોરવાળા), પ.ભ. મિત અલ્પેશભાઈ પટેલ (શાહીબાગ), પ.ભ. પ્રેમીલાબેન માવજીભાઈ કલ્યાણ હિરજી (મિરઝાપર-કચ્છ), શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે (સરસપુર), પ.ભ. મનજી શિવજી હિરાણી (નારાયણપર-કચ્છ). **વૈશાખ સુદ-૧૩** પ.ભ. અ.નિ. લક્ષ્મણ પ્રેમજી વેકરીયા (માંડવી-કચ્છ), પ.ભ. તૃષિતકુમાર પટેલ (અમદાવાદ), પ.ભ. પ્રનિલ દિપક તારપરા (અમદાવાદ). **વૈશાખ સુદ-૧૪** પ.ભ. અ.નિ. મૂળજી ભીમજી હિરાણી (સુખપર-કચ્છ), પ.ભ. જયેશભાઈ જયંતીલાલ સોની (અમદાવાદ), પ.ભ. કેવિન કમલેશભાઈ (નિકોલ), પ.ભ. રિવા કેવિન નંદુભાઈ પટેલ (ઝુંડાલ). **વૈશાખ સુદ-૧૫** શ્રી સ્વામિનારાયણ મંદિર દરબારગઢ (મોરબી), પ.ભ. અ.નિ. ધનજી નારણ છભાડીયા (ભારાપર-કચ્છ), પ.ભ. દેવુબા મહેન્દ્રસિંહ ડાભી (ડાંગરવા), પ.ભ. અ.નિ. શાંતાબેન જગદીશભાઈ રૂપારેલીયા (અમદાવાદ), લીલાનંદ મેગ્નેશી પેટ પ્રા.લી. પ.ભ. મયંકભાઈ કામદાર (પોરબંદર)

**વૈશાખ વદ-૧** પ.ભ. અ.નિ. હિરાલાલ નારણજી બાવા (ભુજ-કચ્છ), પ.ભ. અ.નિ. શાંતાબેન ટી. ગજ્જર (અમદાવાદ), પ.ભ. સંદિપભાઈ પરસોતમભાઈ ચૌહાણ (અમદાવાદ), પ.ભ. અ.નિ. ધનબાઈ ધનજી વેકરીયા (રામપર-વેકરા-કચ્છ), પ.ભ. નીતાબેન રાજુભાઈ પટેલ (ડુંગરી), પ.ભ. ભાવેશભાઈ ધીરૂભાઈ કથીરીયા (સુરત). **વૈશાખ વદ-૨** પ.ભ. ચિરાગભાઈ મુકુન્દભાઈ ભાવસાર (અમદાવાદ), પ.ભ. રમેશભાઈ ત્રિકમભાઈ કાવર (અમદાવાદ), પ.ભ. દિવ્યાબેન કાનાબાર (હૈદ્રાબાદ). **વૈશાખ વદ-૩** પ.ભ. ચંદ્રકાન્તભાઈ હરિલાલ ઠક્કર (અમદાવાદ), પ.ભ. અ.નિ. મહેન્દ્રભાઈ કે. પાઠક (અમદાવાદ), પ.ભ. રંજનબેન ભૂપેન્દ્રભાઈ હળવદીયા (અમદાવાદ), પ.ભ. રજનીકાંત પુરૂષોત્તમદાસ પટેલ (થલતેજ), પ.ભ. અજયભાઈ સોની (અમદાવાદ), પ.ભ. કૌશલ સોની - વિપુલ પિંડોરીયા (ઝાંબીયા), પ.ભ. રેખા કુંશાંગકુમાર પટેલ (ગુલાબપુરા)પ.ભ. પાર્વતીબેન બાબુલાલ (વડુ), પ.ભ. ચમનભાઈ સુખાભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. નિલકંઠભાઈ પટેલ (અમદાવાદ). **વૈશાખ વદ-૪** પ.ભ. અ.નિ. ગોદાવરીબેન સવજીભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. રાકેશકુમાર અંબાલાલ મોતીદાસ (ખરણા). **વૈશાખ વદ-૫** પ.ભ. પ્રશાંતભાઈ વાલજીભાઈ વેકરીયા , પ.ભ. ડાહીબેન એન. પટેલ (સાચોદર). **વૈશાખ વદ-૬** પ.ભ. અ.નિ. મુકેશભાઈ કાનદાસ પટેલ (મોખાસણવાળા), પ.ભ. અ.નિ. બિપીનચંદ્ર વાડીલાલ સોની (અમદાવાદ), પ.ભ. ક્રિશ વિનયકુમાર પટેલ (ગાંધીનગર), પ.ભ. આકાશ ડુંગરભાઈ છેલીયા (અમદાવાદ). **વૈશાખ વદ-૭** પ.ભ. પ્રવિણાબેન ગોહિલ (અમદાવાદ), પ.ભ. ઘનશ્યામભાઈ મૂળજીભાઈ ઠક્કર (ગાંધીધામ-કચ્છ). **વૈશાખ વદ-૮** પ.ભ. ભૂવા રસિક હિરજી (સુખપર-કચ્છ), પ.ભ. મનુભાઈ અરજણભાઈ લક્કડ (સુરત), પ.ભ. અશોકભાઈ જોઈતારામ પટેલ (ડાંગરવા). **વૈશાખ વદ-૧૦** પ.ભ. અ.નિ. પ્રફુલચંદ્ર વ્રજલાલ આદેસરા (અમદાવાદ). **વૈશાખ વદ-૧૧** પ.ભ. રાધાબેન પ્રેમજી વેકરીયા (માંડવી-કચ્છ), પ.ભ. પ્રત્યુરા પટેલ (અમદાવાદ), પ.ભ. પ્રહલાદભાઈ જાદવજીભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. રાજુભાઈ ઈશ્વરભાઈ પટેલ (નારણપુરા). **વૈશાખ વદ-૧૨/૧૩** પ.ભ. મનજી શિવજી હિરાણી (નારાયણપર-કચ્છ), સત્સંગ સમાજ (નવા વાડજ), પ.ભ. પરબત લાલજી ભૂવા (સુખપર-કચ્છ), પ.ભ. સુનીલ પ્રેમજી કેરાઈ (બળદીયા-કચ્છ), પ.ભ. અ.નિ. લાભુબેન મૂળજીભાઈ નાથાણી (અમદાવાદ), પ.ભ. સોનલબેન હિતેષભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. રૂદ્ર વાસુદેવ ગજેરા (અમદાવાદ), પ.ભ. ધરતીબેન પ્રફુલભાઈ વોરા (અમદાવાદ), પ.ભ. કિશોરી મુકેશભાઈ નારસંગભાઈ (અમદાવાદ), પ.ભ. ધર્મિષ્ઠાબેન પટેલ પ.ભ. હસમુખભાઈ પટેલ (કંડારી), શ્રી રંગમહોલ ઘનશ્યામ મહારાજ. **વૈશાખ વદ-૧૪** પ.ભ. મેઘજી મનજી હિરાણી સહ પરિવાર (માંડવી-કચ્છ), પ.ભ. લાલબાઈ નારણ વેકરીયા સહ પરિવાર (માંડવી-કચ્છ). **વૈશાખ વદ-૩૦** પ.ભ. અ.નિ. મનજી મૂળજી ભૂડીયા (સુખપર-કચ્છ).

Printed and Published by **Shastri Swami Purushottamprakashdasji** on behalf of **Shree Swaminarayan Temple** and **Published From :** Shree Swaminarayan Mandir Kalupur, Ahmedabad-380001. Printed at **Asian Printery,** Near Talati Hall, Raipur, Ahmedabad-380001.
**Editor :** Shastri Swami Purushottamprakashdasji



રાલે (અમેરિકા) મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીના અભિષેકની આરતી ઉતારતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી



એટલાન્ટા(અમેરિકા) મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી



જેકસનવીલે(અમેરિકા) મંદિરના પાટોત્સવ પ્રસંગે શંકર પાર્વતીની મૂર્તિની પ્રતિષ્ઠા કરતા પ.પૂ.લાલજી મહારાજશ્રી



કોલોનિયા(અમેરિકા) મંદિરમાં યજ્ઞમાં શ્રીફળ હોમતા પ.પૂ.લાલજી મહારાજશ્રી



ગાંધીનગર સે.-૨ મંદિરમાં ચોપડા વિતરણ



નાંદોલ મંદિરમાં આમ્રોત્સવ



નારણપુરા મંદિરમાં તરબૂચનો અન્નકૂટ



નારણઘાટ મંદિરમાં કેસરસ્નાન અભિષેક દર્શન



ગાંધીનગર સે.-૨મંદિરમાં કેસરસ્નાન અભિષેક દર્શન



મથુરા મંદિરના પાટોત્સવ પ્રસંગે અન્નકૂટ દર્શન

Registered under RNI is - GUJ GUJ/2007/20221 “Permitted to post at Ahd.PSO on 11 the every month under postal REG. No.GAMC.003/2024-2026 Valid up to 31-12-2026 issued by the SSPO’s License to Post without Prepayment No.PMG/NG/028/2024/2026 Valid up to 31-12-2026

# ॥ સત્કાર સમારંભ ॥

પ.ભ.રા.રા.શ્રી

પરમ કૃપાળુ પરમાત્મા શ્રી નરનારાયણ દેવના પાવન ચરણકમળોથી સાદર જય શ્રી સ્વામિનારાયણ। શ્રી નરનારાયણ દેવ દેશ ગાદીના ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના લગ્નોત્સવના પાવન પ્રસંગે સત્કાર સમારંભ સં.૨૦૮૦ અષાઢ સુદ-૧૦ તા.૧૬-૭-૨૦૨૪ને મંગળવારના શુભ મંગળ દિને આયોજીત કરેલ છે।

તો આ શુભ અવસરે નવદંપતિને શુભેચ્છા પાઠવવા પધારી શોભામાં અભિવૃધ્ધિ કરશોજી।

લી.

સમગ્ર ધર્મકુળ વતી

મહંત સ્વામી,

શ્રી સ્વામિનારાયણ મંદિર,

કાલુપુર,અમદાવાદ-૧

સમય: સાંજે ૫-૦૦થી ૮-૦૦

સ્થળ: વિજ્ઞાન ભવન હોલ,

સાયન્સ સીટી (ગેટ નં.૫)

એસ.જી.હાઈવે,અમદાવાદ

